R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ ચંદ્રકાન્ત નંદુ ❋ સંજય છેડા

VOL.65 ISSUE NO. 10 - JANUARY 2023 - 60 PAGES - RS. 15/-



VANDE MATARAM MEMORIAL, BHUJ, KUTCH, GUJARAT

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




We Navigate
Your Financial Adventure
& Ensure you
a smooth journey of life
from where you are
to where you want to be

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

જાન્યુઆરી ૨૦૨૩

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| જ્યોત સે જ્યોત જગાતે ચલો................ | સંજય વિસનજી છેડા................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ........................................ | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૧૧ |
| પગ મેં ભમરી............................................. | લીલાધર માણેક ગડા .................. | ૧૩ |
| છોડવું વટવૃક્ષ બને છે | | |
| કુરકુરિયાં, ગલૂડિયાં કે કૂતરાં.......................... | ડૉ. ગિરીશ વીછીવોરા ................. | ૧૯ |
| રોમરોમની ભાષા ......................................... | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૨૩ |
| ભગવાન બુદ્ધ પરિપથ .................................. | જ્યોતિ જેવત મોતા..................... | ૨૭ |
| કુશીનારા(કુશી નગર)ની યાત્રા | | |
| કચ્છ બીમાર છે, બહુ, બહુ બીમાર છે............... | પ્રવીણચંદ્ર શાહ........................... | ૩૩ |
| સ્ત્રી માટે કારકિર્દી કે કુટુંબ ?............................ | હેમા વીરા ................................. | ૩૫ |
| સાહિત્ય અમૃત ............................................. | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૩૮ |
| વાત છે મારી-તારી-આપણી ........................... | કમલેશ સંગોઈ........................... | ૪૩ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| નાટક આવજે | જતીન મોરારજી છેડા................... | ૪૫ |
| ડિસેમ્બર અંક - તંત્રી લેખ | પોપટલાલ પી. સોની............... | ૪૫ |
| ''કચ્છ પત્રકારત્વની પહેલી સવા સદી'' | નરેન્દ્ર રામજી ગાલા..................... | ૪૬ |
| નાટક આવજે | ભાવેશ ખુશાલચંદ ગંગર.............. | ૪૬ |
| DECEMBER - EDITORIAL | રોહિત ધનાની.......................... | ૪૬ |
| પગદંડીને પત્ર - રેલ્વે ની ૧૩૯ નંબર સેવા ....... | નરેન્દ્ર ટોકરશી દેઢીયા................... | ૪૭ |
| ઉર્મિલહર..................................................... | સંપાદન : વિશન નાગડા.............. | ૪૮ |
| વિદેશ જતા વિદ્યાર્થીઓ ................................. | ............................................... | ૫૨ |
| સાંત્વન...................................................... | ............................................... | ૫૬ |


પગદંડી કાર્યાલય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
ગાલા કેટરર્સ નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં
થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે
હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી
રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી,
વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

કાર્પોરેટર સેમીનાર,
એક્ઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને
કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ
Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા :
9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૩૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## જ્યોત સે જ્યોત જગાતે ચલો

સપ્ટેમ્બર ૨૦૧૩ના બ્રાઝિલનાં દરેક છાપાંમાં એક જ વાત હતી : ''થેન ચીકીનહો સ્કારપા'' (**Thane Chiquinho Scarpa**). ''સ્કારપા'' એટલે બ્રાઝિલના માલેતુજારોમાંના એક, જેમણે મીડિયામાં એવી જાહેરાત કરી કે નક્કી કરેલ દિવસે એ બધા પત્રકારો, મીડિયાના લોકોની વચ્ચે પોતાની મોંઘામાં મોંઘી (લગભગ ૩ કરોડની કિંમતની) ''બેંટલી'' કારને પોતાના ઘરની પાછળના બગીચામાં દાટી દેશે. આખા બ્રાઝિલમાં આ ધનાઢ્યની આ વાતની ચર્ચા હતી. કોઈએ એને ધનવાનોનાં નખરાં કહ્યા તો કોઈએ તરંગ તો કોઈએ પબ્લિસિટી સ્ટંટ.

નક્કી કરેલી તારીખે સૌ પત્રકારોની હાજરીમાં એક ખાડો ખોદવામાં આવ્યો અને બધી ઝાકમઝાળ વચ્ચે બેંટલીને દાટવા માટે આગળ લવાઈ. છેવટે એક જણથી ના રહેવાયું અને એણે આગળ વધીને કહ્યું કે, ''તમને નથી જોઈતી, તો કોઈને આપી દો. આવી મૂલ્યવાન વસ્તુને દાટીને વેડફવાનો શો અર્થ.'' અહીં ''સ્કારપા''એ કહ્યું ''બસ આ જ વાત હતી જે કહેવા માટે મેં તમને સૌને અહીં ભેગા કર્યા હતા. જો આપ સૌને એક નિર્જીવ બેંટલીની આટલી ચિંતા છે, તો પછી અમૂલ્ય એવા માનવશરીરનાં અંગો, જેનાથી કોઈનો જીવ બચી શકે એને આપણે શા માટે (બાળી કે) દાટી દઈએ છીએ''.

આજના આ તંત્રી લેખમાં આપણે વાત કરવી છે આ જ ''અવયવ દાન /ઓર્ગન ડોનેશન''ની. માત્ર વાત નથી કરવી, એક ચળવળ શરૂ કરવી છે કે આજ પછી આપણો એક જ પ્રયત્ન રહે કે, **''ઈશ્વરે આપેલા આ શરીરનો, એના અમૂલ્ય અવયવનો અગ્નિ કે અન્ય રીતે નાશ કરવાને બદલે એનો કોઈ અન્યને જીવતદાન મળે એમ ઉપયોગ કરીએ.''**

**અવયવ દાન બે પ્રકારના હોય :**

૧. **લિવિંગ ડોનર,** જેમાં જીવંત વ્યક્તિ પોતાના નિકટના સંબંધીને પોતાના અવયવનું દાન કરી શકે (મોટા ભાગે આ દાન ફક્ત રક્તના સંબંધ પૂરતું જ હોવાથી એના વિષે વધારે લખવા, વાંચવાની જરૂર રહેતી નથી).

૨. **મૃત વ્યક્તિ દ્વારા થતું અવયવ દાન.** આ ઑર્ગન ડોનેશન છે કોઈપણ બ્રેન ડેડ વ્યક્તિ દ્વારા પોતાના અવયવોનું અન્ય વ્યક્તિને પ્રત્યારોપણ માટે થતું દાન. આપણે વાત કરવી છે આ દાનની. જ્યાં ન કોઈ રક્ત સંબંધની બાધા છે, ન કોઈ અન્ય અડચણ. જરૂરી છે માત્ર આપની અવયવ દાનની ઈચ્છા અને આપના પરિવારજનોની આ અંગે સંમતિ.

**અવયવ દાન અને ભારત**

વિવિધ કારણોસર વસ્તી ગણતરીમાં બીજા નંબરે આવનાર ભારત દેશ, અવયવ દાનમાં વિશ્વમાં અમેરિકા અને ચીન પછી ત્રીજા નંબરે છે (અને આપણી વસ્તીગણતરીને જોતાં ત્રીજો નંબર કોઈ ગર્વની વાત તો નથી જ).

બહુ જ સંવેદનશીલ અને કાયદાકીય રીતે પેચીદો વિષય હોવાથી બહુ ચોક્કસ આંકડા તો ક્યાંય નથી મળી રહ્યા પણ વિવિધ રિપોર્ટ્સ, વેબસાઇટ્સ, વગેરેના અભ્યાસ પછી એટલું તો ચોક્કસ છે કે બધા જ આંકડા આપણાને સૌને વિચારતા કરી મૂકશે (તમે નહીં માનો, પણ આ અવયવ દાન વિષે જેટલું વાંચ્યું, જેટલો અભ્યાસ કર્યો, એ પછી મને પોતાને લેખ શરૂ કરતાં પહેલાં મારા તમામ અવયવના દાનની પ્રતિજ્ઞા સરકારી ખાતામાં નોંધાવવી વધુ જરૂરી લાગી). આમ પણ હંમેશાં મારો વણલખ્યો નિયમ રહ્યો છે કે જે આપણે પોતે ન કરી શકીએ, એ વસ્તુ પર બીજાને જ્ઞાન કે ઉપદેશ આપવાનો આપણાને કોઈ અધિકાર નથી.

**હવે વાત કરીએ કેટલાક આંકડાઓની**

દર વર્ષે લગભગ ૧,૮૦,૦૦૦ લોકોને કિડનીના ટ્રાન્સપ્લાન્ટની જરૂર હોય છે, એની સામે માત્ર ૬,૦૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે.

દર વર્ષે અંદાજિત ૨,૦૦,૦૦૦ લોકો લીવરના કૅન્સર કે લીવર ફેલ થવાથી પીડાય છે, જેમાંથી પચીસથી ત્રીસ હજાર લોકોને ટ્રાન્સપ્લાન્ટ દ્વારા બચાવી શકાય છે, પણ એની સામે લીવર ટ્રાન્સપ્લાન્ટ થાય છે માત્ર ૧૫૦૦.

હૃદય પ્રત્યારોપણ, (આવું ભારી લખવાને બદલે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ જ લખીશ)ની જરૂર હોય છે ૫૦,૦૦૦ લોકોને, સામે આવા પ્રત્યારોપણ થાય છે માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલા.

અને છેલ્લે વાત કરી આંખની. સૌથી સરળ એવું અવયવ દાન. આખા ભારતભરમાં લગભગ એક કરોડથી વધારે નેત્રહીન, સામે દર વર્ષે લગભગ એક કરોડના મૃત્યુ (વિજ્ઞાનની પ્રગતિને કારણે હવે એક આંખમાંથી લગભગ ત્રણથી પાંચ જણાને દૃષ્ટિ મળી શકે, પણ આપણે ફક્ત સાદી ગણતરી પણ કરીએ તો, એક કરોડ મૃત લોકો સહેજે બે કરોડ લોકોને એકએક આંખ આપી શકે), પણ આપણે પણ ''સ્કારપા''ની બેંટલીની જેમ એ આંખોને બાળીને કે દાટીને એનો નાશ કરીએ છીએ.

મગજ બહેર મારી જાય છે કે આખા ભારતના નેત્રહીન લોકોને આપણે થોડાક મહિનામાં દેખતા કરી શકીએ અને છતાં આપણે આજ સુધી ''સ્કારપા'' બની બેઠા છીએ (આપ સૌની જાણ ખાતર કે ''સ્કારપા''ના એ બેંટલીને દફનાવવાના સ્ટંટ પછી સમગ્ર બ્રાઝિલમાં અવયવ દાનની પ્રતિજ્ઞામાં લગભગ ત્રીસ ટકાનો વધારો થયો હતો).

ચાલો આ આંકડાઓની માયાજાળ, એમના સાચા ખોટા હોવાને બાજુએ મૂકી દઈએ અને બસ એટલો વિચાર કરીએ કે આ અમૂલ્ય અવયવો જેને કૃત્રિમ રીતે બનાવવામાં વિજ્ઞાન હજી પા પા પગલી કરી રહ્યું છે એવા અવયવોને અગ્નિને સોંપી દેવા કે જમીનમાં દાટી દેવા કેટલા યોગ્ય ?

**ક્યા ક્યા અવયવનું દાન થઈ શકે એ લિસ્ટ બહુ લાંબું છે.**

લોહી, પ્લાસમા, પ્લેટેલેટ, આંખ, ત્વચા, કિડની, લીવર, ફેફસાં, સ્વાદુપિંડ, આંતરડાં, હૃદય, હાડકાં, હૃદયનો વાલ્વ, માંસપેશી, રજ્જુ (Tendoms), અસ્થિબંધન (Ligaments), કોમલાસ્થિ (Cartilage). આ બધા અવયવ હજી લૅબોરેટરીમાં બની નથી શક્યા અને બનશે તોપણ એની કિંમત, સફળતા, વગેરે સામાન્ય માણસ સુધી પહોંચતા વર્ષોના વર્ષ લાગશે.

અમુક અવયવ જેવા કે લોહી, પ્લેટલેટ, વગેરે ફક્ત જીવંત વ્યક્તિ જ આપી શકે. અમુક અવયવ જેવા કે આંખ, ત્વચા, હાડકાં, હૃદય, વગેરે, ફક્ત મૃત વ્યક્તિ જ આપી શકે, જ્યારે કિડની, ફેફસાં, લીવર, આંતરડાં, વગેરે મૃત વ્યક્તિ આપી શકે અને જીવંત વ્યક્તિ પણ પોતાના અવયવનો થોડોક ભાગ આપી કોઈને જીવતદાન આપી શકે (વાળ, સ્પર્મ, સ્ત્રીબીજ, વગેરે પણ દાન થઈ શકે, પણ આ દાન કોઈ બીમારીમાં કરાતા અવયવ દાન જેવા ન હોવાથી, આ લેખમાં આ પ્રકારના દાનને સ્કીપ કરું છું).

**અવયવ દાન વિષે જાગૃતિના અભાવના કેટલાક કારણો:**

૧. જાગરૂકતાનો અભાવ... દેશભરમાં રોજના ૨૫ થી ૨૬ હજાર મૃત્યુ, પણ આ અવયવોનું મૂલ્ય, સ્કૂલ, કૉલેજ કે સ્થાનિક કે સમાજ કે ગામ લેવલ પર કોઈએ સમજાવ્યું જ ન હોવાથી મોટા ભાગે આપણે આ અવયવોનો બાળીને કે દાટીને નાશ કરી દઈએ છીએ (વિચારી જુઓ અને આ કરવાનું કોઈ ખાસ કારણ મળે તો જણાવો).

૨. ખોટી માન્યતાઓ, આ જન્મમાં આંખ કે કિડની આપી દઇશું તો આવતા ભવમાં આંખ કે કિડની વિનાનો ભવ મળશે (આવી વાહિયાત માન્યતાઓ વિષે કંઈ લખવાની પણ જરૂર નથી). પણ હા, મહદ્અંશે, આવી માન્યતાઓ પણ અવયવ દાનની રાહમાં વિઘ્નો ઊભાં કરે છે

૩. હાલના કાયદા પ્રમાણે લિવિંગ ડોનર સિવાય માત્ર 'બ્રેન ડેડ' વ્યક્તિ જ અવયવ દાન કરી શકે. અન્ય કોઈપણ પ્રકારના મૃત્યુમાં આ અવયવ દાનમાં ઘણી કાયદાકીય ગૂંચવણો છે. વળી અનિષ્ટ તત્ત્વો દ્વારા માનવ અવયવોનો વેપાર ન થાય એના માટે આ અંગેના કાયદાઓ થોડા કડક હોવાને કારણે લોકો અવયવદાન વિષે વધુ ગેરસમજ ધરાવે છે.

૪. આ ઉપરાંત અવયવોની સાચવણી, હૉસ્પિટલો વચ્ચેની હેરફેર વગેરે માટેની જરૂરી સુવિધાઓનો અભાવ પણ અવયવ દાન માટે નુકસાનકારક રહે છે.

વળી જ્યારે પણ ડૉક્ટરો પેશન્ટને બ્રેન ડેડ જાહેર કરે ત્યારે તેના પરિવારને, બ્રેન ડેડ હોવાની વાત તેમ જ અવયવ દાન માટે સમજાવવામાં ઘણો સમય જાય છે જેને કારણે ઘણી વાર અવયવો દાન યોગ્ય રહેતા નથી.

૫. ડોનર કાર્ડ/પ્રતિજ્ઞાની કાયદાકીય ઓળખ. જે વ્યક્તિએ પોતાના અવયવના દાનનું પ્રતિજ્ઞા પત્ર ભર્યું હોય એના મૃત્યુ પછી એ ડોનર કાર્ડ પોતાની મેળે એ અવયવ દાન માટે પૂરતું નથી. કાયદાકીય ગૂંચવણોને કારણે વ્યક્તિના મૃત્યુ પછી એના પરિવારની સંમતિ જરૂરી થઈ જાય છે. (સરકાર દ્વારા ડોનર કાર્ડને લીગલી બાઈન્ડિંગ બનાવવા માટે ઘણું કામ કરવાનું બાકી છે.)

**આપણે શું કરીએ ?**

૧. **''જ્યોત સે જ્યોત જગાતે ચલો.''**
આપણા મૃત્યુ પછી જે અવયવથી કોઈનો જીવ બચી શકતો હોય, કોઈને નવું જીવન મળી શકતું હોય તો એનાથી વિશેષ શું હોઇ શકે. બસ એટલે આપણે સૌ ઑર્ગન ડોનેશન બાબત જાગૃત થઈ જઈએ.

૨. અવયવ દાનની વેબસાઇટ notto.gov.in પર આપણે આપણું, તેમ જ આપણા પરિવારજનોનાં નામ નોંધાવી અવયવના દાનનું પ્રતિજ્ઞા પત્ર ભરીએ. (અને સાથેસાથે આપણા આ ઉમદા કાર્ય માટે આપણા પરિવારને જણાવી, સમજાવી, એ ડોનર કાર્ડ માટે એમને પણ અત્યારથી તૈયાર કરી દઈએ)

૩. આપણી આસપાસ, આપણા મિત્રો, સગાં, વહાલાં, પડોશી, ઑફિસના સહકર્મચારીઓ, દરેકને આ બાબત જાગૃત કરો. એમની પાસે પણ અવયવ દાનનું પ્રતિજ્ઞા ફૉર્મ ભરાવો. તમારી કૉલેજ, ક્લાસિસ, ઑફિસ, સોસાયટી, વગેરેના નોટિસ બોર્ડ પર આ દાન વિષે જાણકારી મૂકો, ગામના મેળાવડા, પહેડી, વગેરેમાં અવયવ દાનની પ્રતિજ્ઞા વિષે સમજાવો અને શક્ય હોય તો એવા જ કોઈ મેળાવડામાં લોકો પાસે આ ફૉર્મ ભરાવડાવો.

૪. ક્યાંય પણ કોઈના મરણના ખબર મળે તો સૌપ્રથમ એમના પરિવાજનોને અવયવ દાન બાબત પૂછો, સમજાવો. બીજું કંઈ નહીં તો ત્વચાદાન, નેત્રદાન માટે સમજાવીએ. (શક્ય છે કે કુટુંબીજનના મરણના આઘાતમાં એમને આ બધું સૂઝે જ નહીં. તો આપણે તો બસ આંગળી ચીંધવાનું પુણ્ય કમાવવાનું છે).

૫. નાનપણમાં ક્યાંક કોઈ વડીલ પાસે સાંભળ્યું હતું કે, ધર્મની રીતે રક્તદાન વગેરેના કરાય. વધુ તો કંઈ યાદ નથી, પણ એ વાત મગજમાં ખટકી હતી. (જો આ રક્તદાન કે અવયવ દાન, ધર્મની વ્યાખ્યામાં ના બેસે તો એના વિષે ''નરો વા, કુંજ રો વા'' કરજો, પણ કોઈ પણ નકારાત્મક વાત કરી માનવધર્મની વિરુદ્ધ ના જશો). આપણે રક્ત કે કોઈ અવયવનું દાન કરીને કોઈનો જીવ બચાવી શકતા હોઈએ તો એનાથી મોટો કોઈ ધર્મ નથી. એ મારી દ્રઢ માન્યતા છે. (જે હું બિલકુલ બદલવા માંગતો નથી).

૬. ખબરપત્રિકા વગેરેમાં પ્રતિજ્ઞા પત્ર ભરનારાના નામ છાપી એમનું સન્માન કરીને અન્યોને પણ એ ફૉર્મ ભરવા પ્રોત્સાહિત કરો. જે પણ મૃતકના પરિવાર દ્વારા નેત્રદાન કે ત્વચાદાન કે દેહદાન વગેરે થયા હોય. એ મરણખબરને અક્ષરોની ગણતરીમાં વધુ છૂટ આપો. એ મરણખબરોમાં આ દાન વિષે બોલ્ડમાં તો લખવામાં આવે જ છે, પણ શક્ય હોય તો એમના એ ઉમદા કાર્યને મોટા અક્ષરો કે આઉટલાઇન વગેરેથી વધુ ને વધુ હાઇલાઇટ કરી, વધુ મહત્ત્વ આપવા યત્ન કરીએ. (આપણી પાસે આવા ઉમદા કાર્યને ફેલાવવા માટે ખબરપત્રિકા તેમ જ પગદંડી જેવા સમાજને ખૂણેખૂણે પહોંચતા માધ્યમ છે, તો આ માધ્યમ દ્વારા આ જ્યોતને વધુ ને વધુ ફેલાવીએ)

૭. છેલ્લે, શરીર સાથ આપતું હોય તો દર ૯૦ દિવસે રક્તદાન કરીએ. પ્લેટલેટ કાઉન્ટ સારું હોય અને સમય અને શરીરની અનુકૂળતા હોય તો પ્લેટલેટ દાન કરીએ. અવયવ દાનનું પ્રતિજ્ઞા પત્ર ભરીએ. અન્યોને પણ આમ કરવા પ્રોત્સાહિત કરીએ.

શક્ય હોય ત્યાં સુધી આ માનવદેહને અગ્નિ કે ભૂમિને અર્પણ કરવાને બદલે જો એનો ઉપયોગ કોઈ અન્ય વ્યક્તિનો જીવ બચાવવામાં થાય તો એ કરીએ.

જો સંજોગોવસાત એ પણ શક્ય ન થાય તો આ નશ્વર દેહ અગ્નિને સોંપવાને બદલે વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે અર્પણ કરીએ (એમનું જ્ઞાન /વિજ્ઞાન પણ છેવટે તો કોઈ માનવનો જીવ બચાવવા જ કામ આવશે)

(એક નજીકની વ્યક્તિ જ્યારે અવયવ માટે જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહી હતી, એવા સંજોગોમાં, હૉસ્પિટલમાં બેસીને લખેલ આ લેખ, એટલે શબ્દોમાં અનાયાસ આવેલા આક્રોશને દરગુજર નહીં કરો તો ચાલશે, પણ notto.gov.in પર જઈને તમારું પોતાનું અને તમારા પરિવારનું ''અવયવ દાન'' નું ફૉર્મ ભરવા ક્લિક જરૂરથી કરજો)

અસ્તુ.

**- સંજય વિસનજી છેડા**

રતાડિયા ગણેશવાલા

મો.: ૯૮૯૨૮૧૫૩૬૭

# પ્રમુખશ્રીની કલમે

✲ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ✲

## ગુજરાતી નાટક ''આવજે''

કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજે પોતાની સેવાની સફરનાં સાતત્યપૂર્ણ ૭૫ વર્ષ પૂરાં કરેલ છે. એના અનુસંધાનમાં સેવા સમાજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા એક ગુજરાતી નાટક **''આવજે''**નું નિર્માણ કરવામાં આવેલ છે.

સમાજના નામાંકિત દિગ્દર્શક શ્રી વિજય ગાલા અને રિષભ છેડાના દિગ્દર્શનમાં આપણા સમાજના ૧૮ જેટલા કલાકારોએ ભાગ લીધેલ છે. આ નાટકના અત્યારથી ૪ શો ભજવાઈ ચૂકેલ છે. પ્રથમ શો તા.૦૮/૧૨/૨૨ના શિવાજી મંદિર (દાદર) મધ્યે યોજાયેલ. નાટકના પ્રથમ શો વખતે જ પ્રેક્ષકોએ પુરા દિલથી નાટકને વધાવી લીધેલ છે.

નાટકની કથાવસ્તુ મહદ અંશે સમાજના બહોળા વર્ગને સ્પર્શી જાય છે. નાટકમાં કલાકારોએ પૂરા જોમથી કામ કરીને પ્રોફેશનલ કલાકારો કરતાંય એ સારુ કામ કરેલ છે એ બદલ સમાજના અને આપણા પોતીકા કલાકારોને અભિનંદન અને આવા કલાકારોને સતત બે મહિના સુધી પ્રશિક્ષણ આપનાર દિગ્દર્શકોને પણ ધન્યવાદ.

નાટકના લેખક હેનીશ ખરવર, ગીતકાર હર્ષ ગડા, સ્વર માટે હિમાંશુ સંગોઈ, શ્રીમતી નિશા ભેદા અને કોરિયોગ્રાફર માનસી ગડા પણ અભિનંદનને પાત્ર છે. આગામી દિવસોમાં નાટકના વધારાના શોનું આયોજન થઈ ગયું છે.

સેવા સમાજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા ખૂબ જ ચિવટપૂર્વક હતા સમગ્ર નાટકનું આયોજન કરેલ છે. એ સમગ્ર ટીમ માટે સેવા સમાજ ગૌરવ અનુભવે છે.

આજના યુવાનો વધુ ભણતર માટે પરદેશ તરફ મીટ માંડે છે. ત્યાં જઈને ત્યાંની જીવનશૈલી સાથે કાર્યપદ્ધતિ અને વળતરના હિસાબો માંડી ત્યાં જ રહેવાનું પસંદ કરતા હોય છે. ત્યારે અહીં વડીલોની વ્યથાનો વાચા આપતું આ નાટક ખરેખર વખાણવાલાયક છે.

નાટ્યના કથાલેખનમાં અમારા અધિકારીઓ તેમ જ વરિષ્ઠ સમિતિના સભ્યોએ પણ ખૂબ જ મહત્ત્વના સૂચનો આપેલ છે અને એના સમાવેશ સાથે નાટક ''આવજે'' ખૂબ જ જોવા અને માણવાલાયક બનેલ છે.

સેવા સમાજ સંસ્થાના અમૃત મહોત્સવ વર્ષની ઉજવણી થઈ રહેલ છે. એ પ્રસંગે ૧૯૯૬થી ૨૦૨૨ સુધી ધબકતી અને સતત ૨૬ વર્ષથી ચાલતી ગાલા સ્પ્રિંગ્સ કપ વૉલીબોલ ટુર્નામેન્ટ આ વર્ષે પણ ૪ દિવસ ચાલેલ, તેમાં પર ટીમો ૧૫૮ મૅચો અને ૫૨૦ ખેલાડીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક અને ખેલદીલીપૂર્વક ભાગ લીધેલ.

ગાલા સ્પ્રિંગ્સ કપ વૉલીબૉલ ટૂર્નામેન્ટના પ્રાયોજક અ.સો. તારામતી વિશનજી ગાલા (ડુમરા - થાણા)નો સાથ-સથવારો હર હમેંશ અમારી સાથે હોય છે. અને ટૂર્નામેન્ટ પૂરી થયા બાદ પ્રાયોજક પરિવારના અ.સો. તારામતીબેન અને શ્રી કિરીટભાઈ વિશનજી ગાલાએ સ્વ હસ્તે ઈનામ વિતરણ કરી ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ એ એમનો ખૂબ-ખૂબ આભાર.

અને આ સાથે સેવા સમાજ આયોજિત માતુશ્રી લક્ષ્મીબેન હરશી ગાલા (ડુમરા થાણા) પ્રાયોજિત વકતૃત્વ સ્પર્ધા ૨૦૨૨ બિન્દાસ બોલ ના વિવિધ લોકલ અને સંસ્થાકીય રાઉન્ડ ચાલી રહેલ છે. સમાજના સભ્યોનો ઉત્સાહ પણ ખૂબ જ સરસ જોવા મળેલ છે.

આમ વિવિધ ક્ષેત્રે સેવા સમાજ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓથી ધમધમી રહેલ છે. અને સમાજના સર્વે વર્ગોને ઉપયોગી આવી પ્રવૃત્તિઓમાં સર્વેનો સાથ સહકાર મળતો રહેશે એવી અપેક્ષા સહ......

મો. : ૯૩૨૨૯ ૫૫૮૮૦

લીલાધર માણેક ગડા-અધા

# છોડવું વટવૃક્ષ બને છે

*ચલને કો બહોત રાસ્તે થે લેકીન*
*હમ ચલે જહાઁ કોઈ ભી ન ચલે*
*ગીરે, ગીરકર ઊઠે, ઊઠકર ચલે*
*કોઈ ન પૂછે, હમ ઉસ રાસ્તે ક્યું ચલે.*

અભ્યાસ પૂરો કર્યા પછી, ડિગ્રી હાંસલ કર્યા પછી, સી.એ., ઍડ્વોકેટ, વૈજ્ઞાનિક, એમ.બી.એ., ડૉક્ટર થયા પછી જીવન જીવવા માટે ઘણા માર્ગો સામે પથરાયા હોય છે. કેટલાક રસ્તાઓ લલચામણા હોય છે. કેટલાક સંઘર્ષભર્યા હોય છે. કેટલાક જાણીતા તો કેટલાક અણદીઠા હોય છે. કેટલાક રસ્તાઓ પર જાજમ બિછાવેલી હોય તો કેટલાક પર કાંટાઓની બિછાત હોય. કોઈ માર્ગે આવકારો મળે તો કોઈ રાહ પર મોઢું ફેરવનારા મળે. સંગાથ કે માર્ગદર્શન મળે પણ ખરો અન્યથા સ્વયં પોતાનો માર્ગ પોતાની પ્રકૃતિ અનુસાર કંડારવો પડે. જે વ્યક્તિઓએ અસામાન્ય માર્ગ પસંદ કર્યો હોય, ડગલે ને પગલે સંઘર્ષ કર્યો હોય, એમ કરતાંકરતાં શૂન્યમાંથી સર્જન કર્યું હોય એવા મનેખોને મળીએ ત્યારે આપણને ધન્ય બની જઈએ. એમના અનુભવો આપણી પ્રેરણા આપે અને એનું આલેખન આપણા કલમને ધન્ય બનાવી દે.

ગુજરાતનાં ડાંગ, છોટા ઉદેપુર, દાહોદ જેવો આદિવાસી જિલ્લો અરવલલ્લી જેનું મુખ્ય મથક છે મેઘરજ. રાજસ્થાનની સરહદને લાગીને આવેલા આ જિલ્લાની વસ્તીના મોટા ભાગના લોકો ડામોર આદિવાસી જાતિના કહેવાય છે. શિક્ષણમાં શૂન્યતા, સંપત્તિમાં કાચાં મકાનો, બેરોજગારી, ગરીબી અને અંધશ્રદ્ધા.... સદીઓથી આમ જ જીવવા ટેવાયેલી ડામોર પ્રજા છે. જે દિવસે રોજી મળે તે દિવસે રોટી, નહીં તો ભૂખ્યા પેટે જેમ ઊઠ્યા તેમ સૂઈ જવાનું. ગરીબીરેખાથી કેટલું નીચે એમનું જીવન છે એની ગણતરી થાય જ નહીં. સ્ત્રી અને બાળકોમાં કુપોષણને પરિણામે બીમારીનું પ્રમાણ પણ વધારે. સારવાર માટે દવાખાને જવાના અને દવાના પૈસા ન હોય એટલે ઘરગથ્થુ ઈલાજ નહીં તો ભૂવા-ડાકલિયાનું શરણું. પ્રગતિશીલ ગુજરાતનાં આદિવાસી વિસ્તારમાં લોકોનાં જીવનમાં કોઈ મોટો ફરક આવ્યો હોય એવું જણાતું નથી.

જ્યારે તમે આ વિસ્તારોને જાણો અને એનો અભ્યાસ કરો, આ વિસ્તારોમાં બહુ ઓછી સંસ્થાઓ કે કાર્યકરો હેતુલક્ષી કાર્યો માટે જાય અને ત્યાં પગ ખોડીને માત્ર વિરલાઓ જ બેસી રહે.

આદિવાસી વિસ્તારનાં સગવડભર્યાં શહેરોમાં ડૉક્ટરો પ્રૅક્ટિસ શરૂ કરે અને અન્ય સારી તકો મળે તો સ્થળાંતર કરી જાય. સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો જિલ્લા મુખ્ય મથકે ભાગ્યે જ પ્રૅક્ટિસ કરે. જનરલ પ્રૅક્ટિસનર જ એ વિસ્તારમાં સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર ગણાય અરવલ્લી જિલ્લાના મેઘરજ શહેરમાં (જિલ્લા મથક) આજથી ચાળીસેક વર્ષ પહેલાં એક યુવાન ડૉક્ટર એમ.બી.બી.એસ. ડિગ્રી હાંસલ કર્યા પછી પ્રૅક્ટિસ કરવા આવ્યા. મનમાં એક સંકલ્પ હતો કે જ્યાં આરોગ્ય સુવિધાઓ નહીંવત્, છે ત્યાં દવાખાનું શરૂ કરવાનું.

થોડા સમયમાં માલૂમ પડ્યું કે આ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ પ્રદાન કરવા જનરલ પ્રૅક્ટિસનરે, બધા રોગોના નિષ્ણાતનો રોલ અદા કરવાનો હોય છે. પોતે જ જરૂરત પ્રમાણે સર્જન, ફિઝિશિયન, સ્ત્રીરોગ નિષ્ણાત કે બાળરોગ નિષ્ણાત બનવું પડે. અનુભવોને આધારે બધું કરે પણ ખરા, પરંતુ સગવડોના અભાવે એમનું કામ અધૂરું રહી જતું હતું. મેઘરજ શહેરમાં છ પ્રૅક્ટિશનરો, બધા જ બહુ વ્યસ્ત રહેતા. ગામડામાંથી પ્રસૂતિ અથવા ઈતર ગંભીર બીમારી લઈ અડધી રાતે દરદી પહોંચે ત્યારે ''રાત્રે ડૉક્ટર નહીં મળે'' એવું બોર્ડ આગળ ધરાય જ નહીં. દરદીની હાલત જોઈ અડધી રાતે ઊઠી રાતભર ઉજાગરો કરવો પડે અને જરૂરી સારવાર આપી આગળ મોટા શહેરમાં જવાની ચિઠ્ઠી બનાવવી પડે, પરંતુ એ બધી કાર્યવાહી વ્યર્થ, કારણકે આગળ જવાની આર્થિક સ્થિતિ જ ન હોય અને ડૉક્ટરે હથિયાર હેઠાં મૂકવાં પડે.

અપૂરતી સારવાર લઈ દરદી ગામ પાછો જાય અને અધવચ્ચે જ રામશરણ થાય. આવું અવારનવાર થાય એટલે યુવાન ડૉ. બંસીભાઈ પટેલનું હૈયું નંદવાઈ જાય. ડૉક્ટરને દરદી પર ગુસ્સો આવે, તો ક્યારેક પોતાના પર પણ ગુસ્સો આવે. ડૉ. બંસીભાઈ પટેલ શાંતિથી વિચારે ત્યારે આદિવાસી દરદીની પીડા, વ્યથા, મજબૂરી લાચારી સમજાય. મોટા શહેર સુધી જવાનું ગાડીભાડું ન હોય તો સારવાર ક્યાં શક્ય બને... અને ડૉ. બંસીભાઈની જેમ અન્ય પાંચ ડૉક્ટરો નિરાશ થવાને બદલે ફરી પોતાના કાર્યમાં મશગૂલ થઈ જાય.

પરંતુ માંહ્યલો જંપવા ન દે. ભીતર વેદનાનો ચરુ ઉકળ્યા જ કરે. નિઃસહાય આદિવાસીઓની પીડા દેખી શકાય નહીં. થોડાક મિત્રો ભેગા થયા અને ''શ્રી જલારામ આરોગ્ય

સેવા ટ્રસ્ટ''ની ૧૯૮૮માં સ્થાપના કરી. ઉદ્દેશ હતો આદિવાસી ભાંડરુઓને શક્ય એટલી વિશેષ સારવાર આપી શકાય અને એ સારવારનો ખર્ચ એમને પરવડી શકે અથવા નિઃશુલ્ક સારવાર આપવી. ડૉ. બંસીભાઈને બે બાબતોને પ્રાધાન્યતા આપવાની હતી.

પ્રસૂતિ માટે આવનાર મહિલાઓની સલામત પ્રસૂતિ થઈ જાય એટલે સારું લેબર રૂમ, નર્સ ઈત્યાદિની સગવડ કરવી. અધૂરા મહિને અથવા ઓછા વજન સાથે જન્મતા બાળક માટે ઇન્ક્યુબેટરની સુવિધા ઊભી કરવી. એની સાથેસાથે અમદાવાદ, મહેસાણા કે પાટણથી સ્ત્રીરોગ નિષ્ણાત અને બાળરોગ નિષ્ણાતની વિઝિટિંગ ડૉક્ટર તરીકે સેવાઓ ઉપલબ્ધ કરાવવી અને ત્યાર પછી જે ફેકલ્ટીઓના નિષ્ણાતોની સેવાઓ મળી શકે તે વિભાગો શરૂ કરવાના. મિત્રોએ ભેગા થઈ એક શોપિંગ સેન્ટરમાં પહેલો માળ ભાડા પર લીધો. મકાનમાલિકને જ્યારે શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટના હેતુની જાણ થઈ ત્યારે તેમણે ભાડું જતું કર્યું અને પહેલો માળ મફત વાપરવા આપ્યો. ડૉ. બંસીભાઈ અને સાથીઓએ ત્યાં ૨૦ પથારી ધરાવતી, પ્રાથામિક સુવિધાઓની હૉસ્પિટલ ૧૯૯૮માં શરૂ કરી જેમાં પ્રસૂતિ વિભાગને પ્રાધાન્ય આપવામાં આવ્યું. એક નાનાશા ક્યારામાં વાવેલું છોડ સંપૂર્ણ માવજત અને ખાતરપાણીથી ધીમેધીમે વૃક્ષનું સ્વરૂપ લેવા લાગ્યું.

સાવ મામૂલી ચાર્જમાં આરોગ્ય સેવાઓ આપવામાં આવતી હતી એટલે હૉસ્પિટલનાં લાભાર્થીઓની સંખ્યા વધવા લાગી. શોપિંગ સેન્ટરની બીજી દુકાનો પણ લેવાતી ગઈ અને જરૂરી ફેરફારો સાથે એમાં ઑપરેશન થિયેટર, વૉર્ડસ, આઈ.સી.યુ., તરત જન્મેલાં બાળકો માટે નીઓ-નેટલ I.C.U. વગેરે ઉમેરાતાં ગયાં અને એક વખતનું શોપિંગ સેન્ટર ૧૫૦ બેડ ધરાવતી હૉસ્પિટલ બની ગઈ. વિશેષ સ્પેશિયાલિટી સિવાયની અન્ય પ્રાથમિક મેડિકો - સર્જિકલ સુવિધાઓ અહીંથી ઉપલબ્ધ થઈ. જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટે આંખ વિભાગ શરૂ કર્યો. અરવલ્લી રાજસ્થાનના આદિવાસી જિલ્લા ડુંગરપુરને અડીને છે એટલે ત્યાંથી પણ મોટી સંખ્યામાં દરદીઓ આવવા લાગ્યા.

આંખ વિભાગમાં નેત્રયજ્ઞોનું આયોજન થાય છે અને ઘણા દાતાઓ તથા ફૉરેનની ફન્ડિંગ એજન્સીઓ આ પ્રવૃત્તિને આર્થિક સહકાર આપે છે. પ્રતિવર્ષ એક હજાર મોતિયાનાં નિઃશુલ્ક ઑપરેશનો શરૂઆતનાં વર્ષોમાં થતાં હતાં જે આજે, પ્રતિવર્ષ પાંચેક હજાર ઑપરેશનો થાય છે.

શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટે પૂરા શોપિંગ કૉમ્પલેક્ષને સુંદર હૉસ્પિટલમાં ફેરવી અને આ કાર્યવાહી ૧૯૯૮થી ધીરેધીરે શરૂ થઈ અને ૨૦૧૯ સુધી પૂરાં એકવીસ વર્ષ સતત ચાલતી રહી.

સંસ્થાની કાર્યવાહી, પારદર્શકતા અને સુંદર વહીવટે ઘણા અનુદાતાઓને આકર્ષ્યા અને એમાં એન.આર.આઈ પણ ખરા. પ્રતિવર્ષ ઘટાડો આવે અને દાતાઓના સહકારથી એ સરભર થઈ જાય. એમનું સાહિત્ય અને એમના વાર્ષિક હિસાબોની નકલ છેલ્લાં પાંચેક વર્ષથી મને નિયમિત ડૉ. બંસીભાઈ મોકલે. અમે ક્યારેય એકબીજાને મળ્યા નથી. કોરોના કાળમાં ઘણી સેવાભાવી સંસ્થાઓની કસોટી હતી. જે સંસ્થાઓએ ભયભીત થયા વગર પોતાની આરોગ્યસેવાઓ ચાલુ રાખી એ સંસ્થાઓને આડકતરી રીતે ઘણો ફાયદો થયો છે અને એમના માટે આફત અવસર બની ઊભરી છે.

અરવલ્લીના આદિવાસી પટ્ટામાં મેઘરજના શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટે ડૉ. બંસીભાઈ પટેલનાં નેતૃત્વ હેઠળ કોરોનાના દરદીઓની અનુપમ સેવા બજાવી. કોરોનાના દર્દીઓની સારવાર માટે જુદા વૉર્ડની વ્યવસ્થા કરી. દરદીઓનો ધસારો થતાં દરેક કોરોના કૅર સેન્ટરની જેમ જલારામ હૉસ્પિટલને પણ ઑક્સિજનની ખેંચ પડવા લાગી. વળી એમને ત્યાંના નાનાં અને તરત જન્મેલાં બાળકોને ઑક્સિજનની સતત જરૂરત રહેતી હોય છે એટલે સંસ્થાએ ઑક્સિજન જનરેટિંગ પ્લાનનો વિકલ્પ વિચાર્યો.

કોઈમ્બતુરમાં બનતા આવા મશીનની કિંમત એના ઈન્સ્ટોલેશન અને અન્ય ખર્ચાઓ સાથે રૂા. ૨૦ લાખ જેટલી થતી હતી. દરેક સંસ્થાને કોરોના કાળ દરમ્યાન અનુદાનો મળવામાં મુશ્કેલી પડતી હતી અને એવો અનુભવ ડૉ. બંસીભાઈ પટેલને પણ થયો હશે. એમણે ઑક્સિજન પ્લાન્ટની તાત્કાલિક જરૂરિયાત અને એ માટે દાન મેળવાવા ઘણા દાતાઓનો સંપર્ક કર્યો.

અમે પ્રથમ વખત ફોન પર એકબીજા સાથે વાતચીત કરી અને મેં એમને અનુદાન માટે આશ્વાસન પણ આપ્યું ખરું. હું સંસ્થા વિષે માત્ર એમનાં પરિપત્રો અને સાહિત્યથી પરિચિત હતો. ડૉ. બંસીભાઈની સાથે વાતો કરવામાં જુદો જ અનુભવ થયો. એમની વાણીમાં વેદના વર્તાતી હતી. હું મનોમન ભીંજાઈ ગયો અને મનો લાગ્યું કે ડૉ. બંસીભાઈને એમની પ્રવૃત્તિઓમાં યથાશક્તિ મદદરૂપ થવું એ મારી ફરજ હતી. તરત જ મેં નવનીત ફાઉન્ડેશનનો સંપર્ક કર્યો અને એમણે ઑક્સિજન પ્લાન્ટ માટે રૂા. સાડા સાત લાખ

મોકલાવી દીધા. તેવી જ રીતે મારા અનામી મિત્રે પણ રૂા. પાંચ લાખ મોકલ્યા. ગણતરીના દિવસોમાં ઑક્સિજન પ્લાન્ટ માટેની આર્થિક ટહેલ પૂરી થઈ અને સંસ્થાને જરૂરી ઑક્સિજન માટેની આધારિતતા હટી ગઈ અને હવે ઑક્સિજન સ્વયં ત્યાં જ બનવા લાગ્યું.

મેઘરજના એક શોપિંગ સેન્ટરમાં પહેલે માળે ૧૯૯૮માં શરૂ થયેલ ૨૦ બેડની જલારામ હૉસ્પિટલ ૨૨ વર્ષમાં ૧૫૦ પથારીઓ ધરાવતી હૉસ્પિટલ બની ગઈ. આંખ વિભાગમાં ૫૦૦૦ મોતિયાના નિઃશુલ્ક ઑપરેશનો અને તે સિવાયનાં બીજાં નાનાં મોટાં ૫૦૦ જેટલા ઑપરેશનો થાય છે. જલારામ હૉસ્પિટલ આર્થિક જરૂરિયાત પણ વધવા લાગી.

અમેરિકા રહેતા અને જલારામ હૉસ્પિટલની અવારનવાર મુલાકાત લેતા પાલિતાણાના શ્રી કનુભાઈ ટોલિયા અને એમનાં ધર્મપત્ની કુમુદબેનનો સતત આર્થિક ટેકો અને હૂંફ મળતાં હતાં. કનુભાઈની સાથે એમના મિત્રો પણ એમની સાથે આ પુણ્યકાર્યમાં જોડાયા. કનુભાઈ સાથે આવનાર મિત્રોમાં પ્રવીણભાઈ શાહ પણ હતા.

કનુભાઈને સતત વિચાર આવતો હતો કે શોપિંગ સેન્ટરમાં હૉસ્પિટલને કારણે આરોગ્ય સેવાઓ આપવામાં મર્યાદાઓ આવતી હતી તેથી આ હૉસ્પિટલ નવું સ્વરૂપ આપવા, એનો વિકાસ કરવા, એમાં નવા વિભાગો વધારવા નવી જગ્યાએ બાંધકામ કરી એને મલ્ટી સ્પેશિયાલિટી હૉસ્પિટલ બનાવવી.

શ્રી કનુભાઈએ ૨૦૧૮માં પોતાના મિત્રો સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા. પ્રવીણભાઈએ એમાં હોંકારાનો સૂર પૂરાવ્યો.આ યોજના મૂર્તિમંત થાય તે અગાઉ કનુભાઈનું દુઃખદ અવસાન થયું.

ત્યાર પછી કોરોનાની મહામારી આવી. ડૉ. બંસીભાઈના સફળ નેતૃત્વ હેઠળ જલારામ હૉસ્પિટલમાં ૫૦ બેડની કોરોનાના દરદીઓ માટે અલગ વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ઊભી કરવામાં આવી. કોરોનાના દરદીઓ તથા બાળ દરદીઓના આઈ.સી.યુ. માટે જરૂરી ઑક્સિજનની જરૂરિયાત પૂરી પાડવા ઑક્સિજન પ્લાન્ટ નાખવામાં આવ્યો.

આ સમય દરમ્યાન ડૉ. બંસીભાઈ નવી હૉસ્પિટલનું સ્વપ્ન જોતા હતા અને એનો સાકાર કરવા પ્રવીણભાઈ દેવદૂત બની આવ્યા. જલારામ હૉસ્પિટલનું અત્યારનું સંકુલ ૧૮૦૦૦ ચો.ફૂટ પ્લૉટમાં હતું. એ પ્લૉટને અડીને નવો ૫૪૦૦૦ ચો.ફૂટનો પ્લૉટ ખરીદવામાં આવ્યો અને તેના પર અદ્યતન

હૉસ્પિટલ બાંધવાની યોજના તૈયાર થઈ. ચાલુ વિભાગોની જરૂરીઆત પ્રમાણે વિસ્તરણ કરવું,

બ્લડબૅંક, કાર્ડીઓલોજી, ન્યુરોલોજી, યુરોલોજી, ડાયાલીસીસ જેવા નવા વિભાગો ઉમેરવા. કૅન્સર કૅર સેન્ટરનું નિર્માણ કરવું તથા રેડિયોલોજી, MRI, CT Scan જેવી પણ સુવિધાઓ ઊભી કરવાનો નિર્ણય લેવાયો અને એ પ્રમાણે એનું પ્લાનિંગ કરવું.

શ્રી પ્રવીણભાઈ પરિવારે પ્લૉટ અને બાંધકામ માટે **રૂ. પંદર કરોડનું અનુદાન** આપ્યું અને તેમના અન્યા મિત્રોએ લગભગ એટલી બીજી વ્યવસ્થા કરી આપી છે. સમગ્ર પ્રોજેક્ટ ખર્ચ **રૂા. ૭૦ કરોડ**નો છે જેમાંથી અડધા ઉપરાંતનાં બજેટની વ્યવસ્થા થઈ છે અને હજી રૂા. ૩૦ કરોડની જરૂરત છે જેમની રહેશે એવો ડૉ. બંસીભાઈ પટેલનો વિશ્વાસ છે.

શ્રીમતી શારદાબેન રમણલાલ શાહ મેમોરિયલ હૉસ્પિટલ (નવી હૉસ્પિટલ)નું ખાત મુહૂર્ત તા. ૧૪ માર્ચ, ૨૦૨૨માં પૂ. મોરારીબાપુનાં શુભ હસ્તે સંપન્ન થયું છે. બે વર્ષમાં શોપિંગ સેન્ટર હૉસ્પિટલનું જ્યારે નવી હૉસ્પિટલમાં સ્થળાંતર થશે ત્યારે ડૉ. બંસીભાઈ પટેલની નિષ્ઠા, સમર્પણનો નવો ઇતિહાસ લખાશે.

આજથી ૪૦ વર્ષ અગાઉ યુવાન ડૉક્ટરે શહેરમાં ધીકતી પ્રૅક્ટિસ કરવાને બદલ સૌથી જરૂરતમંદ, છેવાડેના લોકો માટે સેવાની ધૂણી ધખાવી, સંઘર્ષની વચ્ચે સર્જનની એક એક ઇંટ મુક્તા ગયા.

સફળતા કે નિષ્ફળતાનો બધો ભાર હરીને શીરે અને પોતાને હોય એવુ જણાતું નથી જ્યારે તમે આ વિસ્તારાને જાણો અને એના અભ્યાસ કરી. આ વિસ્તારોમાં બહુ ઓછી સંસ્થાઓ કે કાર્યકરો હેતુલક્ષી કાર્યો માટે જાય અને ત્યાં પગ ખોડીને માત્ર વીરલામો જ બેસી રહે.

માત્ર ફરજ અદા કરવી.... એમની એ ભાવનાને મિત્રોએ, અનુદાતાઓએ પ્રેમથી ઝીલી અને પડખે ઊભા રહ, જેથી ચાળીસ વરસ પછી સ્વપ્ન સાકાર થશે.... ડૉ. બંસીભાઈ પટેલ ત્યાં અટકશે નહીં ફરી પાછાં નવાં સ્વપ્નો જોશે અને ફરી એક કદમ આગે.

ભોજાય સર્વોદય ટ્રસ્ટના ૩૨મા નવનીત મેગા મેડિકો-સર્જિકલ કૅમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે આયોજિત અભિવાદન સમારોહમાં ડૉ. પ્રકાશ આમ્ટે દંપતી સાથે અતિથિ વિશેષ તરીકે ડૉ. બંસીભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેશે એ ભોજાય સર્વોદય ટ્રસ્ટ માટે ગૌરવ છે.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯.

# કુરકુરિયાં, ગલૂડિયાં કે કૂતરાં

✻ ડૉ. ગિરીશ વીછીવોરા ✻

કૂતરાં, બિલાડી, પક્ષીઓ, ખાસ કરીને મોર કે ઢેલ નળિયાં પર બેસે તો બરકવાનો ભય પૂરો એમને શું ફરક પડવાનો હતો. નિરાંતે બાજુના કબ્રસ્તાનની સ્મશાનવત્ વૃક્ષાવલિમાંથી જરા પગ છૂટો કરવા ફળિયામાં દેખાઈ દે. બિનધાસ્ત થઈ મલપતી ચાલે હરફર કરે તોયે એમને કોઈ ન ગણકારે. કહોને આવાં બધાં પ્રાણીઓ, પક્ષીઓ કે પશુઓ પરિવારના સભ્ય જેવાં જ હતા. ફળસ્વરૂપ સહજતાથી ટહેલતાં. ક્યારેક અલમસ્ત થઈ આખડી પડે, જરા દોડાદોડી અહીંતહીં થાય, ભીંત કે છત ઉપર દોડાદોડ કરી મૂકે, નળિયાની ખો નીકળી જાય. ક્યારેક કોઈ ડોશીમા બળતણમાંથી એકાદ પાતળી લાકડી જેવી ડાળખી ખેંચી ઉગામે તો એમને શો ફરક પડવાનો હતો. ક્યારેક મસ્તીતોફાને પણ ચડે. જે કરે તે ખરું, પણ નળિયાની ખો નીકળી જાય તે ખરું, ફળસ્વરૂપ અહીંતહીં નાનામોટા છિદ્ર, વાબારાં દેખાઈ દે. વર્ષામાં સહેજે બધા વધુ સજાગ હોય. અન્યથા શક્ય હોય ત્યાં સુધી આ બધા વણનોતર્યા મહેમાનને અટકાવવાની કોશિશ જરૂર કરે, બહુધા નાસીપાસ જ થાય. તોમાં પણ કોઈ રમતિયાળ કૂતરું હાથવગું થયું, હાથમાંની ''લાકડી'' એની પીઠે સબાક કરતી પડે. ચીસાચીસ તો કરે, એની નજર ફરે. આશ્ચર્યથી અવાક્ થઈ જવાય. જાણે કરગરતું કૂતરું કહી રહ્યું હોય, અરે મારી માડી. બે ઘડી જરા મોજમજા કરી, તેમાં તમારું શું બગડ્યું. અમે તો તમારાં છોરાં, આવી મારપીટ કેમ થઈ શકે ! જરા દિલદાર થઈ દેખો ને ! ખરેખર કૂતરાની આંખની આરઝું જેણે ફટકો માર્યો હોય તેના નયનમાં વસો, હૈયે પહોંચે ને ચહેરા પર એવો વસવસો ઊપસે ડોશીમાના હાથનું લાકડું જમીન પર પડે, ધીમે ધીમે પગ ઊપડે, કૂતરા સન્મુખ થાય, પીઠ પર જ્યાં માર પડ્યો હોય ત્યાં હાથ પસવારે ને જાણે માફી માગતાં હોય એમ કહી પણ બેસે, 'નાના છોરાની જેમ જરા અકોણાઇ ઓછી કર ને ! કૂતરું સમજે, પણ નાઈલાજ હોય. ડોશીમાને એ ક્યાં કહેવા જાય કે માડી અમે ક્યાં ઘરડાખખ તમારી જેમ થયા છીએ. જરાક મસ્તીતોફાન કરવા દો ને. ડોશીમા પણ મોડાં મોડાં સમજે તો ખરાં 'મુઆ બધાં કૂતરાં પાગલ થયાં છે. જુઓને બધી કૂતરીઓ વરણાગી થઈ કેવી ભાવ

ખાતી થઈ ગઈ છે. ભલે બે ઘડી મોજમજા કરે. થોડાક જ સમયમાં કુરકુરિયાંથી ફળિયું ઉભરાશે ત્યારે નવા આંગતુકોને ઉમળકાથી આવકારતા કેટલો આનંદ આવશે.

અમારા અરમાનો અલગ જ હોય. કયો કૂતરો ને કઈ કૂતરી ભેગાં થયાં તેની બહુધા નોંધ લેવાય. બધા કંઈ ઓછાં જ સરખાં હોય છે. એટલે જરા નસલવાન હોય તેની ગણના થાય. થોડાક જ સમયમાં કૂતરી મા બનવાની છે તેની આગોતરી જાણ થઈ જાય. કૂતરીની સુવાવડ ક્યાં કરવી તે જગ્યા નક્કી થાય. વાડામાં પરાળ બરાબર ગોઠવાઈ જાય, નવજાત શિશુને માતાનો ધરપત રહે એવું વાતાવરણ ઊભું થઈ જાય. કૂતરી એ બધું સમજે. કારણ અમારી સાથે રમતીરમતી મોટી થઈ મા બનવાના ઉંબરે ઊભી હોય. અમે દોઢડાહ્યા કહો કે ડાહ્યા કહો પણ હતા ખરા. આગળથી બધું નક્કી થઈ જાય. કૂતરી વિયાઈ ત્યાર પછી એના પહેલા દર્શને એને ધાવતાં કુરકુરિયાંના નંબરે ય નક્કી થઈ જાય. દરેક ભેરુને એના ભાગે આવેલા આંચળની ખબર હોય. કૂતરી વિયાઈ, જરા દૂરથી દર્શન કરતાં મનમાં ઉત્કંઠા ને ઉત્સાહ એટલો હોય, આજે કોઈને લૉટરી લાગે તેનાથી પણ વધુ હોય.

તાજી વિયાયેલી કૂતરી બહુધા બહુ ગુસ્સો કરતી કોઈને બાજુમાં આવવા ન દે. અહીં એનો થોડા મલાજો રાખી, દૂરથી જોતાં રહી બધું નક્કી કરી નાખીએ. કૂતરી માટેની સુવાવડ પછી ખવાતી બાજરાની મીઠી રાબ કોઈ મા બનાવે. કૂતરી ખાય. ગલૂડિયાં પૂછડી પટપટાવતાં હાલકડોલક થતાં અહીંતહીં સુંઘતાં, ક્યારેક, કુમાશભર્યું, કૂણું, કણકણાટ કરતા બિનધાસ્ત થઈ ફરતાં રહે. કોઈના વાડામાં બહુધા જ્યાં કૂતરી વિયાઈ ત્યાંજ ગલૂડિયાં માટે ઘર બને. અહીંતહીંથી મોટા પથ્થર ઉપાડી બને ભીંત, ઉપર પતરાં-ક્યાંકથી ઉપાડી ને છવાય, રવિવારે બાજુના જ જંગલમાં કુહાડીથી સજ્જ થઈ અમે નીકળી પડીએ. ખેર, બાવળ જેવા કાંટાળા વૃક્ષની ડાળીઓ કાપી એમને ઘસડતા ગામમાં ગલૂડિયાના ઘર સુધી લાવી પતરા પર મૂકી દઈએ. મુખ્ય ભય ચિત્તાનો હોય. ચિત્તાને કૂણાં કુરકુરિયાં બહુ ભાવે. ચોર પગલે રાતના ગામમાં ઘૂસી બેટમજી શિકાર કરી જાય. અમે અગમચેતી વાપરી સાંજના ઘેરઘેર ગલૂડિયાં માટે ખાવાનું માગી, ખવડાવી ગલૂડિયાંને એની માને ઘેરમાં પૂરી તાત્પૂરતું બનાવેલું બારણું બંધ કરી એના આડી એક આખી ખેરની ડાળી ગોઠવી દઈએ. જરાક મોઢું ઉપર કરતાં, જીભ લબકારતાં ટાબરિયાં કોઈ કાણામાંથી અમને જોતાં રહે. વહેલી સવારે બારણું ખૂલે, મધપૂડા પર કોઈ પથ્થર મારે, માખીઓનું કટક ઊડે તેમ બધાં ગલૂડિયાં

પટપટ પૂંછડી હલાવતાં, મલપતી હાલકડોલક ચાલે બહાર આવી પ્રાંગણમાં પ્રસરી જાય. આખી રાતનો એમનો કચરો-વિષ્ટા વગેરેને સાફ કરી ખવ ડાવી નિશાળે જઇએ.

જરાક મોટા થયા કે અમ સૌના ખાસ કૂતરા અમારા દોસ્તાર નહીં પડછાયો બની જાય. જ્યાં જઈએ ત્યાં સાથે સ્કૂલનું દફતર એમના ગળામાં. ભણીએ ત્યાં સુધી સ્કૂલના કમ્પાઉન્ડમાં રમે યા બાજુના જ ચબુતરામાંથી ક્યારેક કોઈ કબૂતર કે અન્ય પક્ષીના શિકાર કરે. અમો ભણી એમનો મળીએ ત્યારે પોતાની બહાદુરી બતાવતાં પૂંછડી પટપટાવતાં આનંદથી આળોટી પડે.

દેવો મારે મન કૂતરો નો'તો દિલોજાન દોસ્ત હતો. આ લખું છું ત્યારે સામે બેસી જીભ લબકારતો આંખમિચોલી કરતો રહે છે. જ્યાં જાઉં ત્યાં દેવો સાથે. બીજા ફળિયાનાં કૂતરાં ભસ્યાં કે દેવાનો એક ઈશારો કાફી. ભુરાયો થઈ ભગાડે. વાડી, ખેતરે. દેવો હાજર. વાડીમાં કોઈ પક્ષીનો શિકાર કરવો એનો રમત વાત. બપોરનું જમણ વાડીએ હોય તો દેવો અદબથી દૂર બેસે. રોટલો હાથવગો કરી ધરું ત્યારે પાસે આવે. એનો ત્યાં જ બેસાડું. દેવો મારી સાથે જમે. મુંબઈ આવવા નીકળ્યો ત્યારે ભુજ સુધી દેવો ગાડાની હારોહાર ચાલે. કેટલું કહ્યું, પાછો ન વળે. ભુજ ટ્રેનમાં બેઠા, પ્લૅટફોર્મની રેલિંગ વચ્ચે મોઢું નાખી ઉહું ઉહું કરતો રહ્યો. છેવટે છુટા પડ્યા.

ત્રણ વર્ષે ફરી મુલાકત થઈ. દેવો ત્યારે 'બગડી' ગયેલો એમ સાંભળેલું. સૌનો કરડતો. રાતના અંધારામાં ગાડું ઘર આગળ ઊભું રહ્યું. આજુબાજુનાં ઘરનાં બધા ઓટલે બેસી વાતો કરતા હતા. કહી બેઠા, સંભાળજે, તારો દેવો કરડશે. ગાડાની બાજુમાં જ દેવો ઊભો હતો. ચુપચાપ ઊતર્યો. હજી એક ડગ ઉપાડું ત્યાં દેવો છલાંગ મારી, ઊભો થઈ એના આગલા બે પગ મારા ખભે ભરાવી મનો સૂંઘતો રહ્યો. એનો બધો આનંદ એની પૂંછડીએ બેઠેલો. ગામમાં રહ્યો ત્યાં સુધી દેવો મારો પડછાયો બની રહ્યો. ડાહ્યોડમરો થઈ ગયો. પાછો જવા નીકળ્યો ત્યારે એ સમજી ગયો કે દોસ્ત ફરી ગદ્દારી કરી રહ્યો છે. મનો મળ્યો. દૂર એક ઓટલા પર બેસી ગયો. નજર મળી ત્યાંસુધી એકબીજાંનો જોતાં રહ્યાં. એ એ જ ઓટલો હતો જ્યાંથી ૧૯૨૫માં મહાત્મા ગાંધીજીએ ગ્રામજનોને સંબોધ્યા હતા. અમારું માનીતું સ્થળ. પાછળથી ખબર પડી ત્યારે અવાક્ થઈ ગયો. ત્રણ દિવસના અનસન કરી દેવો સદાને માટે આ ફાની દુનિયાને છોડી ગયો હતો.

*(સદ્ગત લિખિત સાહિત્ય-સંચયમાંથી સાભાર)*

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# રોમરોમની ભાષા

ડૉ. ગુલાબ દેઢિયા

'હવે એ મોટો થઈ ગયો છે, એને તેડતા નહિ, ચાલવા દેજો', આવી ટકોર દાદા રોજ સાંભળી લે. અમે બન્ને દાદા-પૌત્ર ઘરની બહાર નીકળીએ ત્યાં સુધી હું એમની આંગળી પકડીને ચાલું, ઘરને ઓટલેથી જ એ મને ખભે બેસાડી દે, આ લાડ ઘણાને પસંદ નહોતા પડતા, પરંતુ એ મારા દાદા હતા, એમને અને મને એ ગમતું હતું.

મેં બચપણમાં દાદાને ખભે બેસીને ગામ, સીમ, પાદર, વાડી-ખેતર ઘણુંઘણું નિહાળ્યું છે. શિશુના અખૂટ વિસ્મયથી હું કંઈ ને કંઈ પૂછતો જાઉં ને દાદા અમાપ ધીરજથી ઉત્તર દેતા જાય.

આજે દાયકાઓ વીત્યા બાદ એ વાતો કે દાદાનો અવાજ મનો યાદ નથી. મારી આંગળીઓને ટેરવે રહી ગયો છે દાદાજીનો સ્પર્શ. શબ્દોની ભાષા કરતાં સ્પર્શની ભાષાની અમે વધુ વપરાશ કરી હશે એમ લાગે છે. પડછંદ દાદાજીના મોટામોટા કાનને હજી મનોમન સ્પર્શી શકું છું. થોડા લળી પડેલા એ કાન અંજીર જેવી કરચલીઓવાળા હતા. એમની પદયાત્રા અને મારી સ્કંધયાત્રા દરમિયાન કેટકેટલી વાર એમના માથાને, ખભાને, મોઢાને, કાનને મેં જુદી જુદી રીતે, જુદાજુદા ભાવથી સ્પર્શ કર્યો હશે ! ખભે બેસી દાદાથી ઊંચો થઈ વનરાઈના શાખાપત્ર પુષ્પફળને પણ અડ્યો છું.

જન્મની પ્રથમ પળથી સ્પર્શેન્દ્રિયનું કાર્ય આરંભાય છે. નવજાત શિશુને પ્રાપ્ત થતો જનનીનો સ્પર્શ, એ ગભરુ બાળકના હોઠ માતાના સ્તનને સ્પર્શે છે અને જીવતરની છેલ્લી પળે કોઈ સ્વજનના હાથને અડકીને હાથ હાથતાળી દઈ જાય છે. છેલ્લો ઉચ્છ્શ્વાસ બહાર આવી જાય છે. દેહમાં જીવ છે ત્યાં લગી સ્પર્શ જીવે છે.

આપણે આપણી વધુમાં વધુ બોલચાલની શાબ્દિક ભાષા વાપરીએ છીએ. પછી આંખના-ચહેરાના હાવભાવ અને હાથના હાવભાવની ભાષા વાપરીએ છીએ. જે વધુ વપરાય તે વધુ ઘસાય. અતિપરિચય અવજ્ઞા પ્રેરે તેમ આ ત્રણેય લેવડદેવડની ભાષાઓ પ્રત્યે બેધ્યાનપણું ક્યાં ઓછું છે ! કહ્યું કાંઈ ને કર્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું. હા, એવુંય કરીએ છીએ. ધ્વનિ કર્ણપટે અથડાઈને પાછો વળે, દૃશ્ય

આંખને ડેલે હાથ દઈ પાછું વળે એવું પણ બને છે.

એટલે જ કદાચ અણીને ટાણે ખપ પડે છે સ્પર્શની સરવીસોંસરવી ભાષાનો. પ્રતિક્ષાનો પહાડ વટાવ્યા પછી આવતી મિલનની ક્ષણો માટે જોયા, સાંભળ્યા, બોલ્યા ઉપર સર્વોપરી બની બેસે છે ભેટવાનો ભાવ, અડવાની આરજૂ. સ્પર્શની સોગાદ, મિલનના સિક્કાની ઓલી પર ઊભેલી વિદાય વેળા ટાણો પણ સ્પર્શની ભાષા કારગત નીવડે છે. બાથ ભરીને ભેટવામાં ઊપજતો આનંદ શબ્દોના મોટા પટારા કરતાં પણ વિશેષ બની રહે છે. લાગણીનો શબ્દો વગર ચાલી શકે છે. સ્પર્શની ભાષા મૌન છે. તો ભાવની ગંગોત્રી છે.

ઉત્સવ–તહેવાર મને તો સ્પર્શપ્રધાન લાગે છે. કપાળે કોઈ કુમકુમનો ચાંદલો કરે ત્યારે થતો અંગુલીસ્પર્શ, ઉપર અક્ષત લગાડે ત્યારે થતો મૃદુ હથેળીનો સ્પર્શ, ચાંદલો સૂકાય ત્યારે કપાળ પર વરતાતી તેની હળવી હાજરી, ભોજન વખતે પીરસનારના આગ્રહ અને રોકનારના પ્રતિકારમાં પ્રેમભર્યા સ્પર્શનું આદાન-પ્રદાન થાય છે. પાંચે આંગળીઓથી કોળિયો ભરાવો તે જુદું અને ચમચી લઈને વિવેક કરો એ જૂદું. ચમચી સાથે મેનર્સ રહે પણ સ્પર્શની મધુરતાથી કોળિયો મીઠો થઈ જાય.

આશીર્વાદ લેતી વખતે થતા ચરણસ્પર્શ અને આશીર્વાદ દેતી વખતે મસ્તકે હાથ મૂક્યાનો ભાવસ્પર્શ પેઢીઓના અંતરને વટાળી લાગણીના સેતુ બાંધી દે છે. શાબાશી દેતી વખતે પીઠ થાબડ્યાનો ગૌરવસ્પર્શ ઘણુંઘણું કહી દે કંઈ પણ બોલ્યા વગર. હસ્તધૂનન વખતે બન્ને વ્યક્તિના હાથ લાગણીના અકથ્ય ઊંબરા ઓળંગી જાય છે. પતિ-પત્ની વચ્ચે જીવનભર હૃદયમેળાપ રહે એ માટે તો લગ્નવિધિમાં હસ્તમેળાપને સુપેરે સ્થાન મળ્યું છે.

ઉત્સવ કે ઉજાણીમાં પહેરવામાં આવતાં ભિન્નભિન્ન વસ્ત્રો, અલંકારો શરીરને સ્પર્શીને પ્રસંગનું નોખાપણું દાખવતાં રહે છે. આંગળીએથી વીંટી ઉતાર્યા બાદ પણ તેની સ્મૃતિ ત્યાં થોડો વખત રહી જાય છે. પાઘડી, મુકુટ, ફેંટો વગેરે બાંધ્યાનો અનુભવ મસ્તકને મોટાઈનો નાનકડો ભાર આપે છે. એ ઉતારી અળગાં કરો તોય અસર રહે છે.

આપણે દિન-રાત સ્પર્શના સંગમાં રહીએ છીએ. વસ્ત્રો, વ્યક્તિઓ અને વાતાવરણના સંસર્ગમાં આવવાનું બને છે. જોવું, સાંભળવું અને સૂંઘવું; આંખ, કાન ને નાકથી શક્ય બને છે. ત્રણેમાં પદાર્થ દૂર હોય તોપણ નભી જાય, પણ સ્પર્શ અને સ્વાદને નિકટતા વગર ન ચાલે.

પાંચેય ઈન્દ્રિયો મગજનો જીવનભર અગણિત અનંત લાગણીઓના અનુભવોની

જાણ કરતી જ રહે છે. આંગળીઓનાં ટેરવાંએ અને શરીર સમસ્ત મગજને કેવાકેવા સ્પર્શના અહેવાલો મોકલ્યા હશે !

મારા ગામની ભૂખી નદીમાં પાણી તો અપવાદરૂપે જ જોયું છે, એમાં નિયમરૂપે તો રેતી જ જોઈ છે. એ સ્વચ્છ નિર્લેપ રેતીનો સવારનો શીતળ સ્પર્શ અને વૈશાખના બપોરના તપ્ત શબ્દ મારા પગની પાની હજી ખંખેરી નથી શકી. ધોવાયા બાદ સુકાઈને કડક થયેલાં કપડાંનો કરકરો ઉષ્ણ સ્પર્શ શરીરના શૈશવખાનામાં બેઠો છે.

સુકાયેલાં કપડાં ઓસરીમાં ભેગાં કરવામાં આવે, વડીલોનું ધ્યાન ન હોય તો એ કપડાંના ઢગલા પર એકાદ-બે ભૂસકા મારી દઈએ, નદીની એક ભેખડ પાસે કાંપની એક ટેકરી હતી, એ બદામી રંગના કાંપનો કંકરહિત રેશમી સ્પર્શ અને સાથે મુંડન કરાવેલા શિશુના મસ્તકનો મુદુ ખરબચડો સ્પર્શ યાદ છે.

ગાયની ડોકને પંપાળતાં તેને થતી લાગણી તે આંખોની ભાષામાં જણાવે છે, વાછરડી ક્યારેક હાથ ચાટે ત્યારે તેની જીભનો જુદો જ સ્પર્શ હથેળીમાં અકબંધ છે, સાપની કાંચળીનો ભયભર્યો સ્પર્શ ઓછો અનુભવ્યો છે. બાજરાના ડૂંડાનો સ્પર્શ જુદો, માથાઢંક બાજરાના વાડનું અડવું જુદું, ખળામાં પડેલા અનાજનો સ્પર્શ જુદો તો એ જ અનાજ કોઠીમાં પડેલું હોય ત્યારે કોઠીમાં અંદર ઊતરીને અનુભવેલો સ્પર્શ જુદો હોય છે. બાજરાનો સ્પર્શ દુ:ખનો અનુભવ આપે જ. ઓસરીની ભોંયને ગારથી લીંપવામાં આવે ત્યારે ઓકળીઓ અડક લાગે, જેમ લીંપણ ઘસાતું જાય તેમ અનુભવથી શીખેલા માનવીનાં મન જેવું થતું જાય. એ લીંપણ પર હાથ ફેરવવાનું કે લેટી જવાનું ગમે.

યાદ કરતાં અંત ન આવે એટલા નોખાનોખા સ્પર્શ દેહસમેત છે. શીળસની ખંજવાળ વખતે આ શરીરે કરેલો રાખનો સુખદાયી ભસ્મસ્પર્શ, મધમાખીના કટુ ડંખની બળતરા પર અનુભવેલો શીળી માટીનો શીતળ સ્પર્શ, હથેળી પરથી ચામડી ઊતરે ત્યારે આ હથેળી જ કોઈ અન્યની હોય એવો સ્પર્શ હોય છે.

તબલાં પર લગાડેલી કાળી શાહીનો સ્પર્શ, રંધો ચાલ્યા પછીના કાષ્ટનો સ્પર્શ, બસની બેઠક નીચેના બાકોરાંમાંથી નજર કરતી વાદળીનો સ્પર્શ, ઓરસિયાના પથ્થરનો સ્પર્શ, કાચકાગળનો સ્પર્શ, પગમાં કાંટા લાગ્યા પછી પાણી ભરાતાં મૃત:પ્રાય થયેલી જાડી ચામડીનો સ્પર્શ-કેટલું કહેવા બેસવું ! શરીર સમસ્ત અણુએ સ્પર્શથી પર નથી.

સફેદ વસ્ત્રોને ડાઘ લાગવાનો ભય વધુ. સ્પર્શ પણ ઘણો મલિન થયેલો છે. વાસનાના

ધબ્બાથી સ્પર્શને બચાવી નીકળવું દુષ્કર છે. પ્રત્યેક સ્પર્શનો ભાવ ઉકેલાતો નથી તેથી ક્યા સ્પર્શ નીચે લપાઈને કપટ બેઠું છે તે કળવું મુશ્કેલ છે. આમ તો મન પાંચેય ઈન્દ્રિયો દ્વારા ધાર્યું કરી શકે છે. ભાવનાં આવરણ-અનાવરણમાં મનને કોણ પહોંચે ! તે છતાં અમુક લાગણીઓ તો ધરાર પ્રગટ થઈ જતી હોય છે.

મિત્રતાની મહેક હૈયે ન હોય તો મિત્રને ખભે હાથ મૂકી ટહેલી નથી શકાતું.

પારસમણિના સ્પર્શથી લોઢું સોનું બને એ તો પ્રતીકરૂપ જ કહેવાયું હશે. ખરેખર તો પારસમણિ જેવા માનવીનો સ્પર્શ જ કોઈનું જીવન બદલી દે છે.

દેહને રુંવાડેરુંવાડે વસેલી સ્પર્શની ભાષાથી ઘણી વાર આપણું મન મોં ફેરવી લે છે. ક્યારેક રોમ રોમાંચ ખોઈ બેસે છે. લાગણીને ખાલી ચડી જાય છે ત્યારે એને મૂર્છા ઘેરી વળે છે ત્યારે આપણી સ્પર્શેન્દ્રિય ઝોલે ચડી જાય છે.

સ્પર્શનો રોકડો જવાબ કોણ દે છે ? લજામણી આપણું અડવું એને ગમ્યું યા ના ગમ્યું એમ તો કેમ કહે, એ લાજવંતી ખરી ને !

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# ભગવાન બુદ્ધ પરિપથ
## કુશીનારા (કુશી નગર)ની યાત્રા

✲ જ્યોતિ જેવત મોતા ✲

આગળ આપેલા કુશી નગરનાં પર્યટક સ્થળો મેં ક્રમવાર આપ્યાં છે જેથી પર્યટક એક પછી એક સ્થળ આરામથી ફરી શકે.

૧) **ધોરી માર્ગથી** અંદર દાખલ થતાં એક **ભગવાન બુદ્ધની** સુંદર પ્રતિમાનાં દર્શન થાય છે. પરિનિર્વાણ પહેલાં ભગવાન બુદ્ધે છેલ્લું ભોજન અહીં લીધું હતું.

૨) **બર્મીઝ ટેમ્પલ:** આ વિશાળ ડોમ ટેમ્પલ (પગોડા) સુવર્ણ રંગે રંગાયેલું જોવા મળે છે. બર્મીઝ અને જાપાનીઝ લોકોના ડોનેશનથી બનેલું આ ટેમ્પલ એ દેશોની સ્થાપત્ય શૈલીમાં બનેલું છે. પગોડાને ફરતો વર્તુળમાં માનવકદની બૌદ્ધ ભિક્ષુઓની કતારબંધ મૂર્તિઓ અત્યંત મનોહર લાગે છે. અસીમ કરુણા અને ત્યાગનો સંદેશ આપતી આ મૂર્તિઓ ચુંબકીય આકર્ષણ ધરાવે છે. પગોડાની ચારેદિશામાં ભગવાન બુદ્ધનાં અન્ય રૂપોની સુવર્ણ રંગની અનેક સુંદર મૂર્તિઓ સ્થાપિત છે. અહીં અત્યંત શાંતિ પ્રસરેલી છે. આ મંદિરે હું છ વાગે અંધારે પહોંચી હોવાથી અંદરથી દર્શન ન કરી શકી.

૩) **માથાકૂંવર મઠ (મંદિર) :-** આ મંદિર રસ્તાના વળાંક આગળ એક બાજુએ વિશાળ મેદાનમાં આવેલ છે. અહીં લીલા પથ્થરથી બનેલી, સાડા ત્રણ મીટર ઊંચી, ભૂમિ સ્પર્શ મુદ્રામાં ભગવાન બુદ્ધની પ્રતિમા સ્થાપિત છે. જે ૧૦મી કે ૧૧મી સદીની લાગે છે. મેદાનમાં પુરાતત્ત્વ અવશેષો અને ભગ્નાવશેષો જોવા મળે છે. આ જગ્યાનાં દર્શન પણ અંધારામાં જ થયાં.

૪) **પરિનિર્વાણ મઠ:-** આ મઠ માથાકૂંવર મંદિરની થોડે આગળ જતાં એક વિશાળ પરિસરમાં ફેલાયેલો છે. જે અહીંનું મુખ્ય અને ખૂબ જ પવિત્ર સ્થળ છે. ભગવાન બુદ્ધે આ જગ્યાએ છેલ્લો વિશ્રામ કર્યો અને પ્રાણ ત્યાગ કર્યા. આ પરિનિર્વાણ મંદિર બુદ્ધિસ્ટ સ્થાપત્ય શૈલીમાં બનેલું છે. ભગવાન બુદ્ધની ભવ્ય પ્રતિમા છ મીટર લાંબી અને સૂતેલી અવસ્થામાં બિરાજમાન છે. આ આસનમાં જ પ્રભુએ પ્રાણ ત્યાગી દીધા હતા. આ પુરાતત્ત્વ સંકુલ ઈ.સ. ૧૮૬૭માં બનાવવામાં આવ્યું. આ આખા સંકુલને ઈ.સ. ૧૯૨૭માં બર્મીઝ બૌદ્ધો દ્વારા ફરીથી બનાવીને

નૂતનીકરણ કરવામાં આવ્યું છે. અહીં ઈ.સ. ૧૮૭૬થી ઈ.સ.૧૯૧૦ સુધી થયેલ ખોદકામમાં ગુપ્તકાળના તાંબા અને ચાંદીના સિક્કાઓ મળી આવેલ છે. આસપાસના વિશાળ પરિસરમાં વિહારો, મઠો અને ભગ્નાવશેષોને વ્યવસ્થિત કરી મુકાયા છે. આ નિર્માણ કુમાર ગુપ્ત પ્રથમના શાસનકાળ દરમિયાન બનાવવામાં આવ્યું હોવાનું મનાય છે. (ઈ.સ. પૂર્વે ૪૧૩ થી ૪૫૫)

વૃક્ષો, હરિયાળી અને લીલાછમ ઘાસથી સુશોભિત આ રળિયામણું સ્થાન જોવા દેશ-વિદેશથી લાખો યાત્રિકો, શ્રદ્ધાળુઓ અને પર્યટકો અહીં આવે છે. હું આ જગ્યાએ પહોંચી અને અભિભૂત થઈ ગઈ! આ પાવન ભૂમિ શાંતિ અને પવિત્રતાના પરમાણુઓથી પરિપૂર્ણ છે.

વિદેશથી આવેલા શ્રદ્ધાળુઓ ભગવાનની મૂર્તિને સોનેરી સાલ ઓઢાડી રહ્યાં હતા, તો કેટલાંક ત્યાં ધ્યાનમાં બેઠા હતા. મઠની બહાર પણ ઘણા લોકો આંખો બંધ કરી ધ્યાનસ્થ બેઠા હતા. તો કેટલાક મૌનમાં સરકી ગયા હતા. મૂર્તિ પાસે ઊભા રહી મારી આંખો ભીનીભીની થઈ ગઈ. હું પણ અહીં એક કલાક શાંતચિત્તે ધ્યાનમાં બેસી ગઈ. અહીંના અણુ-પરમાણુમાં શાંતિ-સમતા-કરુણા-મુદિતાના તરંગો લહેરાઈ રહ્યા હતા. મારી પાસે સમયની પાબંદી હોવાથી અહીં વધુ બેસવાની ઈચ્છા હોવા છતાં ઊભા થવું પડ્યું. બહાર અંધારું ઘેરાવા લાગ્યું હતું બાકીના બે-ત્રણ મંદિરો જે બંધ થઈ ગયેલ તેને બહારથી જ અંધારામાં જોયાં.

૫) **વાટ થાઈ મંદિરઃ** દસ એકરમાં ફેલાયેલા આ **વાટ થાઈ ચાલેરમજાર** મંદિરને ટૂંકમાં **'થાઈ મંદિર'** કહેવાય છે. થાઈલૅન્ડના રાજા દ્વારા બનાવેલ આ મંદિર થાઈ બૌદ્ધ વાસ્તુકળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. સેંકડો વૃક્ષો, ઝાડીઓ અને હરિયાળીથી સંકુલ ઉત્તમ દેખાય છે. અહીં રહેવા બૌદ્ધ મઠો, સ્વાસ્થ્ય કેન્દ્ર, શાળા,પુસ્તકાલય અને બગીચા છે. દર વર્ષે થાઈલૅન્ડના હજારો યાત્રિકો દર્શનાર્થે અહીં આવે છે. આ મંદિર પણ જલદી બંધ થઈ જાય છે.

૬) **બૌદ્ધ મ્યુઝિયમઃ-** (સમય સવારના ૧૦.૩૦ થી ૦૪.૩૦ સાંજ શિયાળામાં, બંધ. સોમવાર. પ્રવેશ શુલ્ક ૩ રૂપિયા અને કૅમેરા શુલ્ક ૨૦ રૂપિયા છે.) આ મ્યુઝિયમ **'કુશી નગર સંગ્રહાલય'** આ નામથી પણ જાણીતું છે. આ સંગ્રહાલયમાં ઇતિહાસ, સંસ્કૃતિ અને આસપાસના ક્ષેત્રની પુરાતાત્ત્વિક વસ્તુઓનો સંગ્રહ

છે. વિશેષ આકર્ષણનું કેન્દ્ર ભગવાન બુદ્ધની ધ્યાન મુદ્રામાં બનેલ મૂર્તિ છે, જે ગંધાર કળા વિશ્વવિદ્યાલયના સિદ્ધાંતોથી બનેલી છે. સંગ્રહાલયમાં પ્રવેશ કરતાં જ સુંદર બગીચો, પાષણ મૂર્તિઓ અને ઊંચી ઈમારત ધ્યાન ખેંચે તેવી છે.

૭) **ચાઈનીઝ ટેમ્પલ: મલ્લા વિહાર:-** આ છે ચીની અને વિયેતનામી વાસ્તુ શિલ્પમાં બનેલ સૌથી આધુનિક મંદિર. અહીંની રંગબેરંગી સંરચના અદ્વિતીય છે. બે માળના મંદિરમાં લાફિંગ બુદ્ધા અને બીજી બુદ્ધની મૂર્તિઓ છે. અહીં ડ્રેગનની ડિઝાઇન પણ કોતરેલી છે. અહીં લુંબીની, સારનાથ, બોધગયા અને કુશી નગરના તેમ જ વિયેતનામનાં મંદિરોની પ્રતિકૃતિઓ પણ છે.

મંદિરની સામે કમળદળોથી શોભતી નાનકડી તલાવડી પણ છે. અહીં આસપાસ બીજાં પણ ઘણાં મંદિરો છે. હું મોડી પહોંચવાથી ન પહોંચી શકી. તો ઘણાં નિજી મંદિરો હોવાથી બધાંને ત્યાં જવાની પરવાનગી નથી મળતી. આ સિવાય અહીં....

૮) **કુશાવાડી બૌદ્ધ વિહાર.**

૯) **તિબેટિયન બૌદ્ધ વિહાર**

૧૦) **વર્લ્ડ બુદ્ધિસ્ટ કલ્ચર ઍસોસિયેશન-** જાપાન, શ્રીલંકાનાં મંદિરો પણ છે.

૧૧) **રામભારા સ્તૂપ:-** કુશી નગરનું સૌથી મહત્ત્વનું બીજું સ્થાન એટલે રામભારા સ્તૂપ, જ્યાં ભગવાનના પાર્થિવ દેહના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. આ સ્તૂપને 'મુક્તબંધન ચૈત્ય' પણ કહેવામાં આવે છે. આ સ્તૂપ રામભારા નદીની પાસે આવેલ હોવાથી રામભારા સ્તૂપ નામ પડ્યું. ઈ.સ પૂર્વે ૪૮૩માં ભગવાન બુદ્ધનો અંતિમસંસ્કાર આ સ્થળે થયા. મલ્લ રાજાઓ દ્વારા આ સ્તૂપનું નિર્માણ કરવામાં આવ્યું. આ સ્તૂપ મુખ્ય સડકથી અઢી કિમી દૂર કુશી નગર દેવરિયા સડકની સામેના ટીલા પર બનાવવામાં આવેલ છે. આ સ્તૂપ પરમશાંતિ, કરુણા, મુદિતા અને માધ્યસ્થતાનું પ્રતીક છે. વર્ષ દરમિયાન દેશ-વિદેશથી લાખો શ્રદ્ધાળુઓ અહીં આવે છે.

મુખ્ય બે મંદિરો અને આસપાસનાં ખુલ્લાં અને બંધ મંદિરો ફરતા સાડા ત્રણ કલાક થઈ ગયા હતા. સાડા છ વાગી ગયા. અંધારું ઘેરાઈ ગયું. ભૂખ પણ કકડીને લાગી હતી. બર્મીઝ મંદિરની બહાર નીકળી ચાટની બે લારીઓ હતી ત્યાં આવી અને કોઈકને પૂછ્યું કે, ''મુજે ચશ્મેવાલે ભદન્તજી કે મઠ જાના હૈ. રિક્ષા કહાં સે મિલેગી?'' એણે મારી સામે આશ્ચર્યથી

જોઈને કહ્યું, ''અભી તો કોઈ રિક્ષા નહીં મિલેગી. આપકો ઇતના લેટ વહાં કયું જાના હૈ?'' ''મેં વહી ઠહરી હું''. ''અભી તો મુશ્કિલ હૈ કોઈ રિક્ષા મિલ પાના.'' મને હવે ખબર પડી કે અહીં અંધારું થયા બાદ કોઈ વાહન નહીં મળે.

પર્યટક કુશી નગર એક શાંત અને વસ્તીથી દૂર વિસ્તારમાં ખેતર-વાડીઓની વચ્ચે વસેલું નવું નગર છે. અહીં સ્થાનીય લોકોની વસ્તી ન બરાબર છે. વાહનો પણ પર્યટક પૂરતાં જ. જે પર્યટકો અહીંયાં આવે તે પોતાના વાહનોમાં અથવા પ્રાઇવેટ વાહનમાં આવે છે. હવે મારે શું કરવું ?

બે કિમીના લાંબા સૂમસામ રસ્તે અંધારી સડક પર ચાલવું હિતાવહ નહોતું. મારા હૃદયના ધબકારા વધવા લાગ્યા. હું લારીવાળા પાસે જ ઊભી રહી. મનને ખાવામાં પરોવ્યું. લારીવાળા ભાઈએ આશ્વસ્ત કરતા કહ્યું કે, કોઈ મને મારા સ્થાનિકે મૂકી દેશે. બીજી લારી પર એક કપલ અને બે બાળકો ફાસ્ટ ફૂડ ખાઈ રહ્યા હતાં. ચાટવાળાએ એમને પૂછ્યું કે તેઓ રિક્ષામાં કઈ બાજુ જશે ? એમણે કંઈક જવાબ આપ્યો એટલે મને ઇશારો કરી એ રીક્ષામાં બેસી જવા કહ્યું. આ લોકો મને રામભાર સ્તૂપથી થોડે પહેલા ઉતારી દેશે એવું કહ્યું. મને એ લોકો પર પૂરો વિશ્વાસ મૂકવો જ રહ્યો.

એ રિક્ષાવાળા ભાઈ ન મળત તો હું પાછી કેમ ફરી હોત એ મોટો પ્રશ્ન હતો, પણ અચાનક મદદ મળી ગઈ! બીજી મુશ્કેલી જાણે રાહ જોઈ રહી હોય એમ આખો રસ્તો ઇલેક્ટ્રિસિટી ગુમ! કોઈ લૅન્ડમાર્ક નજરે નહોતું પડતું. એટલી ખબર હતી કે જ્યાંથી હું મુખ્ય માર્ગે વળી હતી ત્યાં એક કામચલાઉ ટેન્ટ જે પહેલું નવરાત્ર હોવાથી મૂર્તિ માટે બનાવવામાં આવ્યું હતું. જ્યાંથી મારે મારા મઠ તરફ વળવાનું હતું. આવા ગાઢ અંધકારમાં, આટલી ફાસ્ટ જતી રિક્ષામાં ક્યાંથી ખબર પડે કે એ ટેન્ટ હવે આવશે કે પાછળ જતું રહ્યું ? રિક્ષા દોડે જતી હતી છતાંય મારું ગંતવ્ય નહોતું આવ્યું ?

રિક્ષાવાળા ભાઈને કહેલું હતું કે એ રામભાર સ્તૂપ આવે એનાથી પહેલા ઉતારે. મારી જગ્યા આટલી દૂર તો નહોતી જ! રામભાર સ્તૂપ પણ પાછળ રહી ગયો ! મને હવે ભય લાગ્યો અને અંદરથી શક ઉત્પન્ન થયો. હું આગળ જઈ રહી હતી. મેં રિક્ષાવાળાને રિક્ષા ઊભી રાખવા કહ્યું. મારા ઊંચા બોલાયેલા શબ્દોની અસર થઈ. એ કહેવા લાગ્યો, ''મેડમ રામભારા તો પીછે રહ ગયા.'' હવે હું ખરેખર ગભરાઈ શું આ વ્યક્તિ મને બીજે ક્યાં...? ના ના ના! આ શું વિચારું છું ? આ માણસ સાથે તો એનો પરિવાર છે. મેં એને રિક્ષા પાછી

લેવા કહ્યું. એણે મને ત્યાં જ ઉતરી જવા કહ્યું.

મેં વિનંતીના સ્વરમાં કહ્યું, ''... ઈતને અંધેરે મેં મૈં વાપસ નહીં જા સકતી...'' એના દિલમાં રામ બેઠો. પાછા ફરતા ટેન્ટ દેખાયો. મેં ત્યાં ઊભેલા માણસને ભદન્ત વિશે પૂછ્યું. એ ભાઈએ અંદર જવા કહ્યું. બસ હું મારી જગ્યાએ સહી સલામત પહોંચી ગઈ!

અંધારું વહેલું થયું. લાઈટ ચાલી ગઈ. મોબાઈલ ફોનની બૅટરી પૂરી અને ટૉર્ચ લેવાનું ભૂલી ગઈ. આ મારી નાની ભૂલો બહુ ભારે પડી શકતી હતી. મારે હવે આગળના પ્રવાસમાં વધુ સાવધ રહેવાનું હતું. ગંતવ્યે પહોંચ્યા બાદ હાશકારો થયો! ફ્રેશ થઈ આવતી કાલનો પ્લાન બનાવી નિદ્રાધીન થઈ.

**અમૃતપાન.... નવું પ્રયાણ.. રામભાર સ્તૂપ.**

વહેલી સવારે ઊઠી સામાન તૈયાર કરી લીધો. અહીં મારે હજી બે મુખ્ય સ્થળે જવાનું બાકી હતું. **રામભારા સ્તૂપ** અને **વિપશ્યાના કેન્દ્ર.** જે છ કિલોમીટર દૂર હોવાથી ત્યાં જવાનું પડતું મૂક્યું. સૂર્યોદય પહેલાં તૈયાર થઈ, નાની બૅગ લઈ નીકળી પડી 'મુક્તબંધન' (રામભારા) ચૈત્ય તરફ. પ્રભુના અંતિમ વિશ્રામ સ્થળે, જ્યાંથી હવે બુદ્ધનું કોઈ જ જન્મ-મરણ ચક્ર ચાલવાનું નહોતું. નિતાંત નિર્વાણિક સ્થિતિ. સંસાર વિમુક્તિ. મનુષ્યના અંતિમ ધ્યેયની પૂર્ણાહુતિ. ભગવાને સ્વપુરુષાર્થથી ભવભવનાં અવિરત ચક્રોના અંત કરી આ જગ્યાએ અંતિમ વિશ્રામ લીધો.

હૃદયમાં અવનવી લાગણીઓ ઊભરાઈ રહી હતી. બુદ્ધ-જે એ મુક્તાત્મા જેમણે જીવન મૃત્યુની શૃંખલાઓને તોડી પરમપદ, ધ્રૃવપદ પર બિરાજિત થયા. અસંખ્ય કલ્પો સુધી બોધીસત્ત્વ રૂપે જન્મી પારમિતાઓ પૂર્ણ કરી. સમ્યક્ સંબોધી પ્રાપ્ત થયા બાદ એક જ કામ કર્યું. 'બહુજન હિતાય, બહુજન સુખાય, લોકાનુકમ્પાય.' સાધનાનો રસ્તો બતાવી અન્યોના તારણહારા બન્યા. ધર્મદાન કર્યું. અષ્ટાંગિક ધર્મનો માર્ગ બતાવ્યો. ભગવાને બતાવેલા એ માર્ગ પર હું પણ આરૂઢ છું એનો આનંદ છે. ખબર નથી ભવની હજી કેટલી શૃંખલા બાકી હશે, પણ હા માર્ગ પર તો છું એનો સંતોષ છે.

સવારનું સુરમ્ય વાતાવરણ, ઠંડો પવન અને લહેરાતાં ખેતરો વચ્ચે અડધો કિલોમીટર ચાલીને રામભારા સ્તૂપ પહોંચી. વિશાળ દરવાજા પાસે પોતાના કઠોર જીવનનો ભાર ઓછો કરવા નાના છોકરાઓના કોમળ હાથોમાં પાવન કમળાદળના ગુચ્છાઓ શોભી રહ્યા હતા. એક નાની છેકરી હાર્મોનિયમ ઊપર 'ધમ્મં શરણમ્ ગચ્છામી'ની ધૂન 'ભૂખમ્ આગ સમામી', માટે વગાડી રહી હતી.

અંદર દાખલ થતાં ત્રણ બોર્ડ પર હિન્દી, ઈંગ્લિશ અને બ્રેઇલ લિપિમાં સ્તૂપનો મહિમા, ટૂંક ઇતિહાસ લખેલાં હતા. અંદર એક મોટી ટેકરી જેવો ઈંટોનો પ્રાચીન સ્તૂપ જેની આસપાસ ઘાસની લોન, નાળિયેરીના વૃક્ષો, અન્ય ઝાડ-છોડ અને હરિયાળી વિસ્તરેલાં હતાં. શાંત, સૌમ્ય વાતાવરણમાં થોડા ભિક્ષુઓ ચંક્રમણ કરતાં ચેન્ટિંગ કરતા હતા. કેટલાક ધ્યાનમાં બેઠા હતા. થોડાક ભક્તો સ્તૂપ ઉપર કમળગુચ્છ અર્પણ કરી રહ્યા હતા. મેં સ્તૂપને પ્રદક્ષિણા કરી. પોણો કલાક ધ્યાનમાં બેઠી. પરમશાંતિને જાણે હૃદયમાં ભરી લીધી. મુકામે પાછી ફરી, સામાન લઈ મુખ્ય રોડ પર આવી.

ગોરખપુરથી શ્રાવસ્તી તરફ જવા ૧૨:૩૦ની ટ્રેન પકડવાની હતી. ગોરખપુરથી ગોંડા, ગોંડાથી બલરામપુર, ત્યાંથી શ્રાવસ્તી એમ ટોટલ ૨૮૬ કિમી જવાનું હતું. ટોટો, બસ, રિક્ષા, ટ્રેન જે સાધન મળે તેમાં સાંજ સુધી શ્રાવસ્તી પહોંચવાની ગણતરી હતી... પણ ઘુમક્કડીમાં ધાર્યું કામ ન આવે. ધાર્યું તો ધણીનું જ થાય! આજે આ સૂત્રનો સાક્ષાત્કાર થવાનો હતો.

રોડ ઉપર અડધો કલાક ઊભી રહી. ન રિક્ષા, ન બસ, ન સાઈકલ કે ન બીજું કોઈ સાધન દેખાયું. ત્રણ કિલોમીટર સામાન સાથે હાઈવે સુધી ચાલી ને જવાનું શક્ય જ નહોતું. બે-ચાર સાઈકલ સવાર પસાર થયા એમને વિનંતી કરી કે કોઈ રિક્ષા કે ટોટો મળે તો અહીં મોકલાવે. પોણા દસે એક રીક્ષા મળી. ગોરખપુર તરફ જવાની બસ દસ વાગ્યાની હતી. કટોકટીના સમયે હાઈવે પર પહોંચી. બે મિનિટ મોડી હોત તો બસ નીકળી જાત. રિક્ષાવાળાએ બસમાં સામાન ચડાવી દીધો. એને પચાસ રૂપિયા આપ્યા. ડ્રાઇવરની પાસે જ સીટ મળી ગઈ. હાશકારો થયો કે સમયસર સ્ટેશન પહોંચી જઈશ, પણ એમ ક્યાં નસીબ સાથ આપે ? વિઘ્ન રાહ જોઈ બેઠું હતું.

ક્રમશઃ

મો.: ૯૯૩૦૫૦૮૪૦૭

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૫

**પગદંડી**

અંક : ૧૦ જાન્યુઆરી ૨૦૨૩

-: *માનદ્ તંત્રીઓ* :-

**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળઃ શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# કચ્છની આજ-કાલ

# કચ્છ બીમાર છે, બહુ, બહુ બીમાર છે.

પ્રવીણચંદ્ર શાહ

કચ્છ બીમાર છે, બહુ બીમાર છે, બહુ, બહુ, બહુ જ બીમાર છે.

ચાર-છ દિવસની ટૂંકી મુલાકાતે કચ્છ આવ-જા કરનારને ખ્યાલ આવે, પણ દસ-બાર મહિના કચ્છમાં ગાળનારથી જરાય અછાનું ન જ રહે. તેમાંય જો ભુજમાં લાંબો સમય રહેનારના અચંબાનો અને અસુખનો તો પાર જ ન રહે.

એવું નથી કે કચ્છમાં સાર્વજનિક સેવા સંસ્થાઓ નથી. ભોજાયમાં છે, બિદડામાં છે, ભચાઉમાં છે, ભોજાય કે બિદડામાંની વૈદ્યકીય સેવા સંસ્થાઓ તો લગભગ દર મહિને, બે મહિને જુદા જુદા રોગોની સારવાર માટે ખાસ કૅમ્પો પણ વર્ષોથી ગોઠવે છે જેનો લાભ દર વર્ષે હજારો દરદીઓ લે છે.

ભુજમાં પણ હવે ત્રણ-ચાર મોટીમોટી, અદ્યતન હૉસ્પિટલો છે જ. થોડા મહિના પહેલાં જ એવી એક વધુ અદ્યતન હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન દેશના વડા પ્રધાનશ્રીના હસ્તે કરાયેલું. આ બધી મોટી હૉસ્પિટલોમાં દરદીઓની લાઈનો લાગે છે.

પરંતુ આમ છતાં, કચ્છમાં હવે પ્રાઈવેટ પ્રૅક્ટિશનર ડૉક્ટરોની સંખ્યા અને સાધનો વધતાં જ જાય છે, વધતાં જ જાય છે.

આ સ્થિતિનું બિલકુલ સીધું પરિણામ શું નીપજે છે ?

ગરીબ, નીચલો મધ્યમ વર્ગ, ઉપલો મધ્યમ વર્ગ અને ખુદ ઉપલા શ્રીમંત વર્ગના ખિસ્સાં ખાલી થતાં જાય છે. માત્ર ખાલી નથી થતાં, પણ પૂરાં ખંખેરાય છે.

કચ્છમાં જનરલ પ્રૅક્ટિશનર ડૉક્ટરોની સંખ્યા નજીવી થવા આવી છે. સ્પેશિયાલિટી ડૉક્ટરસાહેબોની બોલબાલા છે. એક વખતની વિઝિટ, જે દરદીએ ડૉક્ટર સાહેબોને ત્યાં જવાનું હોય છે, તેના ૨૦૦ રૂપિયાથી માંડી ૭૦૦ રૂપિયા લેવાય છે, તે ઉપરાંત લગભગ બધા ડૉક્ટરોની પોતાની કે પાર્ટનરોની મેડિકલ શોપ્સ (દુકાનો) છે. વિઝિટ ફીનો તો જે ચાર્જ

લેવાય તે, ઉપરાંત દરદીને દવાઓનું લાંબું લીસ્ટ પકડાવી દેવાય છે જે બસો-પાંચસો કે હજાર-પંદરસોનું પણ હોઈ શકે છે.

કચ્છમાં સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર સાહેબોની કાચી-પાકી સંખ્યા આ પ્રમાણે છેઃ

ભુજમાં ગાયનેકોલૉજિસ્ટ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો ૧૮-૧૯ છે. ફિઝિશિયન ડોક્ટરો ૨૧-૨૨ છે. જનરલ સર્જર્યનો ૧૫-૧૬ છે. અને ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટો ૧૬-૧૭ છે. ઓર્થોપિડિક સર્જર્યનો ૧૪-૧૫ છે અને એનેસ્થેટિક સ્પેશિયાલિસ્ટ સાહેબો ૧૧-૧૨ છે. આઈ-સર્જર્યનો (આંખો માટેના સ્પેશિયાલિસ્ટો) ૧૪-૧૫ છે અને MBBSની સંખ્યા ૨૬-૨૭ની છે. હોમિયોપેથિક ડોક્ટરોની સંખ્યા ૮ની છે. યુરોલોજિસ્ટ (પેશાબ સંબંધીત બાબતોના) સ્પેશિયાલિસ્ટ ૧ છે અને પેથોલૉજિસ્ટ (પેટનાં દર્દોના સ્પેશિયાલિસ્ટ) ૪-૫ છે. ડેન્ટીસ્ટોની સંખ્યા ૩૪-૩૫ છે અને BAMSની સંખ્યા ૫૫-૫૬ની છે. આયુર્વેદિક ડૉક્ટરોની સંખ્યા ૨૦-૨૧ છે. ઈએનટી (આંખ, કાન, ગળાના) સ્પેશિયાલિસ્ટો ૪-૫ છે, કાનનું મશીન આપનાર ૧ છે, સ્કીન (ચામડીના રોગો)ના સ્પેશિયાલિસ્ટો ૭-૮ છે.

પેથોલૉજી-લૅબોરેટરીઓ ૯/૧૦ છે, સોનોગ્રાફી/ઍક્સરે/મેમોગ્રાફીનાં સેન્ટરો ૮-૯ છે, ડાયાલીસીઝની સગવડ ૩ સ્થળે છે, સીટી/સ્કેન/ MRI - ૨(બે) છે અને રેડિઓલૉજીનાં સેન્ટરો ૧૨ છે, એમ્બ્યુલન્સની સવલત (મફત નહીં, ચાર્જ લઇને) ૧૨-૧૩ છે.

આ બધી વિગતોમાં હજુ માંડવી, અંજાર, મુંદ્રા, ભચાઉ, રાપર, નખત્રાણા-ગાંધીધામ વગેરેના સ્પેશિયાલિસ્ટ સાહેબોની સંખ્યાનો સમાવેશ કરવાનું ટાળ્યું છે.

ગાંધીધામમાં હાર્ટ-સ્પેશિયાલિસ્ટ માનવંતા ડૉક્ટરસાહેબો તો ત્રણેક છે જેમાંના એક સ્પેશિયાલિસ્ટ સાહેબની દરરોજની પ્રૅક્ટિસ અંદાજે દોઢથી અઢી લાખ રૂપિયાની હોવાનો જાણકાર અનુભવીઓનો અંદાજ છે.

ઉપર નિર્દેશેલા સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર -સાહેબોઅને શ્રીમતીજીઓને બીમાર કચ્છના દરદીઓ રોજના (Per Day) રૂપિયા ૪ થી ૫ લાખ ચૂકવતા હોવાનો જાણકારોના અંદાજ છે.

કચ્છ બીમાર છે, બહુ બીમાર છે, બહુ, બહુ,બહુ બીમાર.

મો.: ૯૯૩૦૬૬૦૨૪૨

# સ્ત્રી માટે કારકિર્દી કે કુટુંબ ?

હેમા વીરા

આકાશને આંબવાની તમન્ના રાખતી આજની નારીના મનમાં પોતા માટે પોતાની રીતે જીવન જીવવાની ધગશ વધતી જાય છે. તે ફક્ત ગૃહિણી બની રહેવા નથી ઈચ્છતી. પોતે બચપણમાં સેવેલાં સપનાં સાકાર કરવા મથે છે. ઉચ્ચ શિક્ષણ મેળવ્યા પછી પોતાની કારકિર્દી ઘડવાના પ્રયાસ કરે છે. તેના બધા પ્રયાસમાં મોટો સવાલ એ છે કે લગ્નજીવનની સામાજિક પ્રથાનું પરંપરાનું શું ?

શહેરની સ્માર્ટ સ્ત્રીની વિચારધારા એકદમ સ્પષ્ટ છે, કારકિર્દી અને લગ્નજીવન વચ્ચે સમતુલા જાળવવા માંગે છે. આજકાલ ઘણી સ્ત્રીઓ લગ્ન કરવાને બદલે વગર લગ્નો સહમતીથી સાથે રહેવામાં માને છે. તેથી ક્યારેક કોઈ વખત અણબનાવ બને તો ને છૂટા પડવાનો વારો આવે તો છૂટાછેડાની જટિલ કાયદાકીય ગૂંચામાંથી બચી શકાય અને શાંતિથી એકબીજાંથી છૂટાં પડી શકાય છે.

રાજ અને મહેર એક જ કંપનીમાં સાથે કામ કરતાં હતાં. તેમને એકમેક સાથે ખૂબજ ફાવી ગયું હતું. તેઓના સંબંધને ચાર-પાંચ વર્ષ પણ થઈ ગયાં હતાં. એટલે રાજનાં માતા-પિતા પુત્ર પર લગ્ન કરવાનું દબાણ કરતાં હતાં, ત્યારે તેણે મહેરને લગ્ન કરવાનું કહ્યું કે આપણે એકબીજાંને ચાહીએ છીએ, આટલા વર્ષોથી એકબીજાંને સમાજિક, માનસિક રીતે સપોર્ટ આપીએ છીએ, શારીરિક નિકટતા પણ માણી છે, મારાં માતા-પિતાને મારું સંતાન રમાડવું છે ! એમાં ખોટું પણ શું છે ? પણ મહેરને પોતાની ઓળખ જાળવી રાખવી છે, સાથે પોતાનું કરિયર પણ આગળ વધારવાનું છે. આનો ઉપાય છે ખરો ? ને મહેર એકની બે નથી થતી, આવા સંજોગોમાં બંને વચ્ચે માનસિક તાણ ઊભી થાય કે બીજું કંઈ ?

આ સિક્કાની એક બાજુ થઈ, બીજી બાજુ જોઈએ તો ઘણા યુવાનો પોતાને મનગમતી સ્ત્રી સાથે વગર લગ્ને સંબંધ રાખે છે, પણ એ સ્ત્રી જ્યારે તેને લગ્ન કરવાનું દબાણ કરે ત્યારે જાત જાતનાં બહાનાં કાઢે છે. ત્યારે ખરું કારણ શું છે તે શોધવું જોઈએ.

આપણા સમાજમાં એક માન્યતા પ્રવર્તે છે કે પુરુષ સંબંધ તો સહેલાઈથી બાંધે છે.

પણ લગ્ન કરીને ઠરીઠામ થવાની વાત આવે ત્યારે ફરી જાય છે. જોકે, આ બાબત બધા પુરુષ માટે સમાનરૂપ લાગુ ન પાડી શકાય, પુરુષ વ્યવહાર અને લગ્નને કઈ રીતે જુએ છે તેના પર બધો આધાર છે. કેટલાક માટે લગ્ન એક વરદાન હોય છે તો બીજા કેટલાકને એ કાયમની જંજાળ લાગે છે. જોકે, એ બાબતે ઈનકાર કરી શકાય નહી કે સમયના વહેણની સાથે દરેકના વિચારોમાં પરિવર્તન આવતું હોય છે.

ઘણી વાર બચપણમાં માતા કે પિતાને સહેવા પડેલા ત્રાસને કારણે કોઈ અજાણ્યા ડરે અને અસુરક્ષાના અભાવને કારણે વિચારોમાં લગ્ન માટે નકારાત્મક વિચારો આવી જાય છે. આ સત્ય પુરુષ અને સ્ત્રી બંનેને એકસરખું લાગુ પડે છે. સ્ત્રીઓમાં અસુરક્ષા અને ડર ઉપરાંત બીજાં ઘણાં કારણો હોઈ શકે છે જે તેને કદાચ લગ્ન કરતાં રોકતાં હોય છે.

કેટલાક એવા હોય છે કે મુક્ત અને સ્વતંત્ર જીવન ગાળવાનું પસંદ કરે છે. તેમને લાગે છે કે લગ્ન કર્યાં પછી જવાબદારી વધી જશે. પોતા માટે સમય નહીં રહે. આમ જોવા જાઓ તો આઝાદી બધાને જાઈએ છે. પહેલા પુરુષોને એવું લાગતું હતું કે લગ્ન થઈ ગયાં પછી તેઓ પહેલાંની જેમ મિત્રો સાથે રાતે બહાર જઈ નહીં શકે. પાર્ટી નહીં માણી શકે, આવા લોકો માટે પોતાની આઝાદી, સ્વતંત્રતા મહત્ત્વની હોય છે.

આજકાલ ઘણી સ્ત્રીઓ પણ પોતાની રીતે લાઈફ એન્જોય કરવા ઈચ્છથી હોય. તેઓ માને છે કે લગ્ન વગર સાથે રહેવામાં બધી મસ્તી કરવા મળતી હોય તો ઘર-પરિવારની જંજાળમાં શા માટે પડવું ! આવી માન્યતા બહેતર બનતા તે કમિટમેન્ટ કરતી નથી હોતી, પણ સમય વહી ગયા પછી તેને સમજાય છે કે તેની માન્યતા ખોટી હતી, ત્યારે તેને પસ્તાવાનો વારો આવે છે.

સ્ત્રી-પુરુષ સંબંધની નાજુક બાબત અને વાસ્તવિકતા એ છે કે સ્ત્રી પોતાને કઈ રીતે જીવવું છે તેનો નિર્ણય કરતાં પહેલાં પોતે કેટલી સક્ષમ છે, વિપરીત પરિસ્થિતિનો સામનો કરવો પડે તો મક્કમ બનીને તેમાંથી પાર ઊતરી શકશે કે નહીં એનો પૂરતો વિચાર કરીને આગળનું ડગલું ભરવું પડે છે. એકવાર ખોટી વ્યક્તિને જીવનમાં એન્ટ્રી આપી દીધા પછી બંને હતાશ બની જાય તો જિંદગી મધ જેવી મધુર બનવાને બદલે આમલી ખાટી બનીને રહી જતી હોય છે. આવી પરિસ્થિતિમાં ન કહેવાય ન સહેવાય, અંતે પરિણામે સંતાનોમાં એક પ્રકારની ગ્રંથી બંધાઈ જતી હોય છે જેમાંથી છૂટવાનું મુશ્કેલ બને છે.

ઉચ્ચ કારકિર્દી ધરાવતી સ્ત્રીના જીવનમાં એક તબક્કો એવો આવતો હોય છે કે તેણે પરિવાર અને કારકિર્દી વચ્ચે પસંદગી કરવાની રહે છે. તેણે નક્કી કરવું પડે છે કે કારકિર્દી આગળ વધારવાની કે પછી પરિવારના સુખ ખાતર તેને તિલાંજલી આપવી છે. પારિવારિક જીવન અને કારકિર્દી બંને વચ્ચે સમતુલા જાળવી શકાતી હોય તો - તો કોઈ સમસ્યા ઊભી નથી. અહીં જુદો અર્થસભર જિંદગી વ્યતીત કરવાનો અને આનંદથી જીવવાનો છે.

જ્યારે બધું ગુમાવવાનો વારો આવે ત્યારે વ્યક્તિએ શું ત્યજી દેવું એનો વિવેકપૂર્વક નિર્ણય લઈને એ પ્રમાણે કારકિર્દીનો ત્યાગ કરી હોમમેકર બની રહે તોપણ લાંબા ગાળે ફાયદો થવાનો જ.

આધુનિક ટેક્નૉલૉજીના જમાનામાં ઘરે બેસીને પણ પોતાના સમય પ્રમાણે ક્યું કામ નથી કરી શકાતું ? ઘણી સ્ત્રીઓ આ માર્ગે ચાલીને પોતાની આગવી ઓળખ જાળવીને પ્રગતિ કરી રહી છે. ઈશ્વરની આ ઉત્કૃષ્ટ કૃતિ નારી ત્યાગ, ક્ષમા, સહનશીલતા - સૌમ્યતા દયા ને પ્રેમની કરુણામૂર્તિ છે.

તે કોઈ પણ કુટુંબ-સમાજ-સંબંધ કે ક્ષેત્રમાં પોતાની કાર્યકુશળતા વડે પોતાના જીવનની અનેરી ભાત પાડે છે.

આમ નારી એ કુદરતે સર્જેલો જીવંત કલાઈડોસ્કોપ છે. સ્ત્રીને ન ભૂલવું જોઈએ કે તે બેવડી જવાબદારી નિભાવે છે. ઘર ને વ્યવસાય તેમાં દરેક સમયે તેને યાદ રાખવું કે તે પોતાના ઘર સંસારમાં પ્રાણ પૂરવાનું કામ કરે છે.

પતિવ્રતા પત્ની તરફથી વડીલો પ્રત્યે સન્માનરૂપ દૃષ્ટિ, બાળકો પ્રત્યે હૂંફ અને સમવયસ્કો પ્રત્યે સ્નેહપૂર્વકનું વર્તન જરૂરી છે. હું નોકરી કરું છું, કમાઉ છું, એવો અહોભાવ ન પ્રવેશે તેના માટે સજાગ રહેવું જોઈએ. ક્યારેય પણ તેનો વ્યવસાય તેના ઘર-કુટુંબને અતિક્રમી ન જાય તેની ખાસ કાળજી રાખી પોતાની જવાબદારી ઉમદા રીતે નિભાવવી જોઈએ.

(બેરાજા)

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય વિસનજી છેડા - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*આ મન કેવું ગૂંચવણભર્યું છે? મનમાં અંકિત થયેલી રેખાઓ અને શબ્દો ક્યાં ઉકેલાય છે! અને છતાં આ મન એના સંકેતો તો આપતું જ રહે છે. વર્તનમાં, વિચારોમાં, અભિગમોમાં એ સતત વ્યક્ત થતું રહે છે. બેધડક એ આવીને ટપારતું રહે છે, ટાપસી પુરાવે છે, માર્ગની વચ્ચે આવીને ખડું થઈ જાય છે અને અચાનક માર્ગને નવો જ વળાંક આપી દે છે. એ ભભૂકતી જ્વાળા બનીને પ્રકટે છે કે વિદ્રોહની મક્કમતા લઈને અડીખમ ઊભું રહે છે અને ફરી નિર્મળ, શીતળ, શાંત પ્રવાહની અનુભૂતિ પણ કરાવે છે.*

*અમૃતાના મનની ગતિ પામવી અકળ છે. એની ભીતરનું ઘમસાણ, ખળભળાટ કે એની શાંત, સ્થિર, મક્કમતા એના જીવનને સતત દોરી રહી છે.*

*પણ એટલું તો નિ:સંદેહ છે કે એ અન્યાયનો સામનો કરશે અને એ ક્યારેય અન્યને અન્યાય ન થાય એની સતત ચોંપ રાખશે.*

*દેશમાં અઢારસો સત્તાવનનો બળવો કે ક્રાન્તિ થયાં. લોકમાનસમાં ઉચાટ અને આક્રોશ ખળભળી રહ્યો. એની પરિણિતી જે પણ હોય, એણે સમગ્રપણે બદલાવ આણ્યો.*

*અમૃતા અઢારસો સત્તાવનની ક્રાન્તિ વિશે તો અજાણ છે પરંતુ એની ભીતર ક્રાન્તિ એક અસ્પષ્ટ, વણઉકેલાતા આકાર થઈને પડી છે.*

*૧૮૫૭ ના બળવા કે ક્રાન્તિની છાયાઓ એ કુંટુંબમાં પડી છે. જેમાં અમૃતાના લગ્ન થયા છે એ કુટુંબમાં બળવાની નિશાની રૂપે એક વેલબુટ્ટેદાર કીમતી ગાલીચો હતો, કુટુંબ લાહોરમાં રહેતું હતું. ૧૯૪૭માં દેશના ભાગલા પછી કુટુંબ દિલ્હી આવ્યું. પણ લાહોરના ભર્યા-ભાદર્યા ઘરને છોડીને આવવાનો કુટુંબના વડા દાદાએ ઇન્કાર કર્યો. પણ પરિસ્થિતિ વણસી અને મિલિટરીએ એમને બળપૂર્વક એક ટ્રકમાં દિલ્હી મોકલી દીધા. એમની સાથે એ કેવળ એક ગાલીચો જ લાવી શક્યા. દાદાને એ ગાલીચા માટે ખૂબ લગાવ હતો. એ ગાલીચા પર જ એ હંમેશ સૂતા. દિલ્હી આવ્યા પછી થોડા જ દિવસમાં એમનું મૃત્યુ થયું. મૃત્યુ સમયે એમનો દેહ એ ગાલીચા પર જ હતો. આ ગાલીચો કુટુંબના કોઈ સરદારે દિલ્હીના બળવા વખતે લૂંટેલો અને અગાઉની પેઢીથી એ નિશાની ચાલી આવેલી. એ વડીલના મૃત્યુ સમયે કશોક ગણગણાટ થતો હતો:*

'દિલ્હીના બળવામાં આ ગાલીચો અમે દિલ્હીમાં લૂંટ્યો હતો. આજે દિલ્હીથી લૂંટેલી વસ્તુ એક સદી પછી દિલ્હીને પાછી આપી દીધી..'

*અને અમૃતાના મનમાં વિચારો ઘૂંટાઈ રહ્યા છે:*

લૂંટ પણ કદાચ એક કર્જ હોય છે, જે ક્યારેક ને ક્યારેક તો ચૂકવવું જ પડે છે.

ક્યારેક એક ભયાનક વિચાર આવે છે કે મારે પણ કોઈકને કંઈક પાછું આપવાનું છે. ખબર નથી શું, ખબર નથી કોને અને ખબર નથી ક્યારે !

*અમૃતાનું મન જે કહી રહ્યું છે એ શું કોઈ ઘટનાના સંકેતરૂપ હતું ? એ મનોમન કહે છે કે એને પણ એક કર્જ ફેડવાનું છે. અને કહે છે:*

બીજા કોઈની તો ખબર નથી, પણ લાગે છે કે હું બહુ દેવાદાર છું.

*દેશના ભાગલા પડ્યા એ પહેલાં પણ અમૃતાનું મન કોઈ પીડા અનુભવી રહ્યું હતું એના જીવનમાં કશુંક થવાનો સંકેત દર્દ બનીને કવિતામાં અવતર્યું.*

'સફરના સાથી, હવે તારો સાથ દૂર જઈ રહ્યો છે...' પણ એ અંતરનો સંબંધ કોઈ બાહ્ય ઘટના સાથે જોડાયેલો નહોતો. એ અંતર કેવળ ભીતરનું હતું....

*એ સાથી સાથે જિન્દગીના તાર જોડ્યા હતા એક અજાણ પળે પિતાએ એની સાથેના સંબંધની ગાંઠ બાંધી હતી. બચપણની એ કાચી વયે જેની સાથે જિન્દગીભર માટેના તાર જોડાયા હતા એ ઉભય પાત્રો સમયના તાણાવાણાથી રચાયેલા પોતમાં વણાયેલાં રહસ્યોને સમજી શકવાની સ્થિતિમાં ન હતાં. વહેતા સમય સાથે એ સમજ કેળવાતી ગઈ. એ સમજ એ વણાંકે આવી જ્યારે કવિતાના એ શબ્દો સરી પડ્યા.*

*'સાથી હવે તારો સાથ દૂર જઈ રહ્યો છે.'*

*૧૯૬૦ના છૂટા પડવાના એ સમયે અમૃતાને કોઈ કડવાશ ન હતી કે ન હતી કોઈ ફરિયાદ. કેવળ હતો તો એક રંજ. એ કહે છે:*

હૃદયની પ્રામાણિકતા કહેતી હતી કે હું મારા પતિને એનો હક નથી આપતી. એની છાયા મેં બળવાના માલની જેમ ચોરેલી છે. એ પાછી આપવી છે.... પાછી આપવી છે...

*સાંપ્રત સમયની સ્થિતિ અને આપણી આસપાસની ઘટનાઓને નિહાળતાં અમૃતાના મનોવિશ્વની ગરિમા અને વિશાળતા જોતાં અહોભાવથી પલકો નમી જાય છે. આજે તો છૂટા થવાની વેળાએ ફરિયાદો, વિખવાદો, ન્યાયાલયના પગથિયાં પર વેરાયલી સ્વાર્થની કરચો અને રૂપિયાના ત્રાજવે થતાં લેખાં-જોખાં માનવ-સંબધોની ગરિમાના થતા હ્રાસના અહેસાસ કરાવે છે ત્યારે રહે છે એક વિશ્વાસ*

*છૂટા પડવાના આ સમયે અમૃતાનો રંજ અને પતિની દુ:ખદ સ્થિતિનો અહેસાસ આ સંવેદનશીલ. સર્જકના શબ્દોમાં....*

એને માટે બંને હાલત દુ:ખદ હતી. - જે અંતર વિચારોના રગરગમાં હતું એ પણ દુ:ખદ હતું અને જે અંતર સામાજિક રૂપમાં પડવાનું હતું તે પણ. બંનેને એકબીજા સામે કાંઈ ફરિયાદ નહોતી. આ એક ગંભીર મૈત્રીભર્યો ફેંસલો હતો જેમાં કોઈનીય જીભ પર કોઈનાય વ્યક્તિત્વને નાનું કરતા શબ્દ આવવાનો પ્રશ્ન જ નહોતો. જે કાંઈ એકબીજા પાસેથી મેળવ્યું

હતું તેનો ઇન્કાર નહોતો. જે નહોતું મેળવ્યું તે માટે કાંઈ ફરિયાદ નહોતી. કેવળ જે 'ન મેળવેલું હતું એનો જ તકાદો આ અંતર હતું. એની જ જરૂરિયાત મને લાગે છે - બંનેને માટે સરખી આવશ્યક.

પોતપોતાના ભાગનું દર્દ વહેંચી લીધું. ચહેરા એટલા તેજસ્વી હતા, સાચા હતા, કે આ દર્દથી એમને મોઢું છુપાવવાની જરૂર નહોતી. આ દર્દ પણ આંખ અને હોઠની જેમ ચહેરાનો એક ભાગ હતું. તેને સ્વીકારવાનું હતું. સ્વીકાર્યું પોતાનાં અંગોની જેમ અને પોતાના અસ્તિત્વનો એક ભાગ માનીને.

*પતિથી છૂટા પડ્યા પછી અમૃતાને તો ઇમરોઝમાં એક દોસ્ત મળે છે જે એની એકલતાને ખંખેરી નાખે છે, પણ અમૃતાની સંવેદના પ્રિતમસિંઘ માટે કેવી વહે છે! એક સંવેદનશીલ સર્જક માટે અહોભાવથી મસ્તક ઝૂકી જાય છે. અમૃતા કહે છેઃ*

જાણું છું-એ પછીનાં વર્ષોએ જે ન્યાય મારી સાથે કર્યો છે તે મારાથી છૂટા પડેલા મારા સાથીની સાથે નથી કર્યો. મને એ પછીનાં વર્ષોમાં ઇમરોઝ પાસે ખૂબ સરસ દોસ્તી મળી ગઈ, પણ એને કેવળ એકલતા મળી. એનો કાંઈ પણ આપતી વખતે જિંદગીના હાથ કંજૂસ થઈ ગયા. અમે હજી પણ મિત્રોની જેમ મળીએ છીએ, પણ જાણું છું, કેવળ એટલાથી એકલતા દૂર થતી નથી. એકલતાનો શાપ જે કોઈ વ્યક્તિએ સહ્યો છે એની સામે પ્રણામપૂર્વક શિર ઝૂકી જાય છે.

પણ ઝૂકેલા શિરમાં પણ એક માન છે. શિર કરતાં પણ ઊંચુ, કે જે સુરક્ષાનું મેં મૂલ્ય નહોતું ચૂકવ્યું અને જે સામાજિક સ્થાન, કુટુંબ, પરિવાર, આબરૂ - મેં જિંદગીના વિપ્લવમાં આમ જ રસ્તે ચાલતા પ્રાપ્ત કરી લીધાં હતાં, તે પાછાં આપી શકી છું - એક કર્જ હતું જે ચૂકવી શકી છું.

*વિચ્છેદ પામેલા સંબંધો માટે ન અમૃતાને કશી ફરિયાદ કે વિરોધ હતો ન પ્રિતમસિંઘને વેર કે કંડવાશ હતાં, પરંતુ આસપાસના લોકોને, સમાજને અને સમકાલીન લેખકોને તો એક તમાશો, એક વિખવાદની જાળ ઊભી કરવી હતી. કેટલાક લોકો જેમને આ સંબંધો સાથે જરીકે સ્નાનસૂતકનો સંબંધ ન હતો એમાંના કોઇક તો અમૃતાને વર્ષો સુધી અદાલતનાં પગથિયાં ઘસવાની નોબત આવે એવું કરવા તૈયાર હતા, પરંતુ...*

જેઓ વાર્તાના તાણાવાણાંમાં વણાયેલા હતા તેઓ તો સદા ચૂપચાપ પોતાના ભાગની ચીસો ને પીડાઓને સહેતા રહ્યા: વર્ષો પછી પણ ક્યાંક મળી જાય તો આંખો માટે આજે પણ વિશ્વાસપૂર્વક કહી શકું છું, એમણે કાં તો આંસુ સહ્યાં છે, અથવા માન. એમનો અન્ય કોઈ ત્રીજી વસ્તુથી નાતો નથી.

***પરંતુ બધાં વિકૃત મનોદશા નથી સેવતા. એમાંનો એક હતો દેવિન્દર. એણે અમૃતા પર 'કલમનો ભેદ' પુસ્તક લખ્યું. એનું અર્પણ જોઈને અમૃતા કહે છે:***

હું એનું અર્પણ જોઈને ચકિત થઈ ગઈ હતી.

કોઈ મનના અને ઘરના એ દરવાજાના નામે, જે અમૃતા માટે કદી બંધ નથી થયા.

***અને દેવિન્દર આદરપૂર્વક એ પુસ્તક લઈને અમૃતાના એ સાથીને આપવા જાય છે જેનાથી અમૃતા અલગ થઈ ચૂકી છે અને કહે છે: 'અલગ થવાનો અર્થ એ નહોતો કે સલામ પણ ન પહોંચે'.***

***અને અમૃતા ઑસ્ટ્રેલિયાની લેખિકા બેટી કાલિન્સની વાત કહે છે.:***

આ સાદાઈ ને સ્વાભાવિકતાને બહારના લોકોમાંથી જો કોઈ સમજી શક્યું હોય તો તે ઑસ્ટ્રેલિયાની એક લેખિકા બેટી 'કાલિન્સ' છે, જે પોતાના પતિ સાથે છૂટાછેડા લીધા પછી પણ દરેક મુશ્કેલીને પ્રસંગે મિત્રની જેમ એની જ સલાહ લે છે અને એના છૂટાછેડા આપેલા પતિની બીજી પત્ની જ્યારે પણ પોતાના પતિના સ્વભાવથી પરેશાન થાય છે, ત્યારે તે બેટીને ફોન કરીને તેને મળે છે. બંને સાથે કૉફી પીવા જાય છે અને તે બેટીની સલાહ લે છે કે પોતાના પતિના સ્વભાવ સાથે તે કેવી રીતે નિભાવ કરી શકે. આ સાદાઈ પણ કદાચ પોતે જીવ્યા વગર સમજની પકડમાં નથી આવતી.

***સંબંધોની આ કેવી ગરિમા! કેવી ઊંચાઈ...! સંબંધોની આ ગરિમા અને પ્રામાણિકતા સામે મસ્તક ઝૂકી જાય છે.***

**અને હવે પછી : આવતા અંકે.....**

**ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧**

# વાત છે મારી-તારી-આપણી

કમલેશ સંગોઈ

## લઘુ મહામાનવ - બાલવીર-

કેટલીક વાર કોઈ નાની વ્યક્તિ ગજા બહારના મોટા કાર્ય સંપન્ન કરતી હોય છે. આવાં કાર્યો પછી રમત-ગમતના ક્ષેત્રે હોય, બૌદ્ધિક ક્ષેત્રે હોય કે પછી માનસ-બુદ્ધિના ક્ષેત્રે હોય. આજે આપણે વાત કરવી છે આવા જ એક વીરલ કાર્યની જે એક નાના હૃદયની માનસિક ઋજુતા અને પરિપક્વતા પ્રગટ કરે છે.

વાત છે બાળક જહાનની... હા... જહાન નેહલ જીતેશ મગનલાલ ગાલાની - ગામ વાંકી અને રહેવાનું તિલકનગર, ચેંબુર, મુંબઈ.

અત્યારે જહાનની ઉંમર અગિયાર વર્ષ, છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે, માતા નેહલ અને પિતા જીતેશનો લાડકવાયો દિકરો. કેટલીય વાર જહાન જ્યારે કોઈ માથે વાળ વગરની સ્ત્રીને જુએ ત્યારે એને નવાઈ લાગે. માતા-પિતા સમજાવે.... બાળક બુદ્ધિને સમજાય એવી રીતે કે કોઈ રોગની વધુ સમય દવા કરવાથી વાળ ખરી જાય. તો પછી પાછા ન ઊગે. બાળકને સવાલ થતો... કેટલો ખરાબ લાગે છે ચહેરો ! પિતા સમજાવે કે ધીરેધીરે પાછા વાળ આવી જશે. આ સમય દરમ્યાન લોકડાઉન પછી ડીસેમ્બર ૨૦૨૦માં ઓનલાઈને સ્કૂલના એક કલાસમાં લગભગ દશેક મિનિટના એક લેકચરમાં કૅન્સર રોગને લાગતા અને માથે વાળની બનાવેલી વીગ પહેરવાથી દરદીને સારું લાગે, સારું દેખાય વગેરે અને એ માટે વાળની વીગ બનાવવા વાળ ડોનેટ કરવા જેવી વાતો સાંભળી અને એ વાત જહાનના નાના હૃદયમાં ક્યાંક અંકિત થઈ ગઈ. સમય સરતો ગયો ને લોકડાઉન હોવાથી ઘરમાં જ એની માતાએ વાળને એકદમ નાના ટ્રીમ કરી આપેલા.

ફેબ્રુઆરી -૨૦૨૧માં જહાનના વાળ પણ વધવા માંડેલા. ત્યારે સાથેસાથે હૃદયનાના એક ખૂણામાં સંગ્રહાયેલો પહેલો ઋજુતાનો અંકુર પણ વિકસિત થવા માંડ્યો, કે શા માટે વાળ વધારીને લાંબા વાળ કાપીને વીગ ન બનાવવી? નાના માનસમાં સવાલ ઊઠવા માંડ્યા અને સ્પષ્ટ ઉત્તર પણ મળી ગયો.... હું વાળ વધારીને વીગ બનાવીશ. અને પછી Donate કરીશ કેન્સરના દર્દીને...

પિતાએ વાળ કપાવવા સમજાવ્યો પણ

જહાનભાઈને સંસ્કારો તો આ જ માતા-પિતા નેહલબેન અને જીતેશભાઈએ જ આપેલા ને ! એ શાનો માને ? અને આમ બે વર્ષ સુધી વાળ વધતા ચાલ્યા. આજુબાજુના ઘણાના ઉપાલંભનો એ ભોગ બન્યો. ઘરમાં દાદીનો પણ ખુબ વિરોધ હોવા છતાં જહાને અડગ નિર્ણયથી એમને (દાદીને) મનાવી લીધા.

દેશમાં ચાતુર્માસ વખતે ગયેલ જહાનને સ્થાનકમાં પુરુષ વિભાગમાં બેસતા જહાનના વાળ મોટા અને છુટ્ટા હોવાથી તેને છોકરી સમજીને ત્યાં બેઠેલી સ્ત્રીઓએ તેને સ્ત્રી વિભાગમાં બેસાડવા તેની માતાને કહ્યું અને તમને સમજ નથી પડતી એમ કહીને ઠપકો પણ આપ્યો.

અને એમાં છેવટે કોવીડનો કોપ શમ્યો અને ઑગષ્ટ - ૨૧માં શાળા ખૂલી. શાળામાં હવે સાથી વિદ્યાર્થીઓ તરફથી મશ્કરીનો ભોગ બનવું પડ્યું. એય....જેન્ટસમાં ક્યાં જાય છે ? લેડીઝ ટૉઈલૅટમાં જા. ઈત્યાદિ.... શાળાના શિક્ષકગણ તરફથી પણ વિરોધ થયો, પણ પરિસ્થિતિ સમજતા શાળા તરફથી પણ સમાધાન થયું ત્યાર સુધીમાં વાળ સારા એવાં લાંબા થઈ ચૂક્યા હતાં, ચોટલો વાળી શકાય એટલા....

વીગ માટે વાળ પૂરતા લાંબા છે એવી તપાસ કરી, છેવટે જહાને તારીખ ૭.૧૧.૨૦૨૨ના વાળ કપાવ્યા અને ''મદદ ટ્રસ્ટ'' Madat Trust for Cancer Patients ચેમ્બુરને કેન્સરના પેશન્ટ માટે વીગ બનાવવા માટે વાળ દાન (Donate) કર્યા.

વંદન છે જહાનના માતા-પિતાને કે જેમણે આ નાના બાળકમાં આવા ઉચ્ચ સંસ્કાર રેડ્યા. શાબાશ છે આ નાના જહાનને જેના હૃદયમાં આટલી નાની વયે દુ:ખી દર્દીઓ પ્રત્યે આવી અનુકંપા જાગી અને જહાનની માતાએ પણ જહાનને અતિ ઉત્તમ ભેટ આપી શું ?

તો એમણે પણ પોતાના લાંબા - ભરાવદાર વાળ કપાવી કૅન્સર પેશન્ટની વીગ માટે દાન કર્યા - પુત્ર ને પગલે માતા ચાલી....

જહાનની વાળની ભેટ કદાચ નાની લાગે પણ અગત્યની વાત એ છે કે દુ:ખી પ્રત્યે કરુણાની છે. આ એક નાનકડો પ્રસંગ એની આખી જિંદગીમાં એક દીવાદાંડી બનીને ઊભો રહેશે અને ઉત્તારોતર વધુ અને વધુ સમાજોપયોગી કાર્ય કરવાની અંતરસ્ફુરણા અને શક્તિ પ્રદાન કરતો રહેશે અને સાથે એના સંપર્કમાં આવનાર સૌને પણ શુભ કાર્યો કરવાની પ્રેરણા આપતો રહેશે. જહાન અને એના કુટંબીજનોને ખૂબખૂબ- અભિનંદન... શુભેચ્છાઓ..

# પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

## નાટક આવજે

ક.વી.ઓ. સેવા સમાજ દ્વારા ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે નિર્માણ થયેલ સુંદર નાટક **આવજે** અનકે મૅસેજો આ નાટક દ્વારા લોકોને મળી શકે છે.

- ✤ સંયુક્ત કુટુંબનું મહત્ત્વ
- ✤ વતનમાં પોતાના વડીલોની યાદગીરી સમાન ઘર, ખેતર વગેરેને યથાવત્ રાખવું.
- ✤ કુટુંબમાં કોઈ પણ સંકટ આવે ત્યારે કુટુંબના દરેક લોકો ભેગા મળી તેમનો સામનો કરવો.
- ✤ બાળકો ભલે ક્યાંય પણ રહેતાં હોય તેમને પોતાના પરિવારના મૂળભૂત સંસ્કારો, ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે.
- ✤ અમેરિકામાં ભલે સુખસાહેબી ભારતથી વધારે હશે, પણ શાંતિ, પરસ્પર સંપ, લાગણી ભારત જેવા ક્યાંય નહિ મળે.
- ✤ કોરોના મહામારીમાં ભારતનું વિશ્વ સ્તરે યોગદાન, હાલમાં વિશ્વકક્ષાની અનેક સિધ્ધિનું સચોટ વર્ણન.
- ✤ ક.વી.ઓ. સમાજ પોતાના લોકો માટે જીવનનાં દરેક ક્ષેત્રે મદદ કરવા તત્પર રહેલો છે. વિવિધ સંસ્થાઓ, મહાજનો પણ તે માટે જાગૃત છે.

સેવા સમાજને જીવનનાં અનેક મૂલ્યોથી સભર આ નાટકના નિર્માણ માટે અભિનંદન...

મુંબઈ, બહારગામ દરેક શહેરોમાં આ નાટકના પ્રયોગો થવા જોઈએ અને યુવાવર્ગને ખાસ આ નાટક દેખાડવું જોઈએ...

